# APPENDIX 7

## The Written Text of Listening Comprehension Test (Form B)

## ફોર્મ :- । ૨ ।

### સૂચના:-

તમારાં જેવડાં આઠમાં ધોરણમાં ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને વાર્તા, ગીત, પ્રસંગો તથા કોયડાઓ ઉપરાંત આપેલી સૂચનાઓ ટેઇપ રેકર્ડર ઉપર સંભળાવવામાં આવે તો તેઓ તેમાંથી કેટલું યાદ રાખી શકે છે તેમજ કેટલું સમજી શકે છે તથા તે સાંભળવામાં કેટલું ધ્યાન આપી શકે છે તે સમજવાનો આ એક પ્રયોગ છે તેમાં દસથી પંદર ગામનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લેવાનાં છે. મને આશા છે કે તમને આ પ્રયોગમાં ચોક્કસ ખૂબ મઝા પડશે.

આ પ્રયોગમાં તમને વાર્તા, ગીત કોયડાઓ સૂચનાઓ વગેરે સંભળાવાશે. પછી તેપર પ્રશ્નો પૂછાશે. કેટલીક વખત જુદાજુદા પ્રકારની સૂચનાઓ પણ અપાશે. તમારે તે સૂચના મુજબનું કાર્ય કરવાનું છે. આ વાર્તા, ગીત, કોયડાઓ અને સૂચનાઓ તમને ટેઇપ રેકર્ડર પરથી સંભળાવાશે. એકજ વખત સંભળાવાશે માટે ધ્યાન દઈને સાંભળજો.

આ વાર્તા, ગીત વગેરે તમારા ઉત્તરપત્રમાં છાપેલા નહીં હોય. તેમાં તેના ઉપર પૂછાયેલા પ્રશ્નો પણ છાપેલા નહીં હોય. એટલે ટેઇપ રેકર્ડર ઉપર કાંઈપણ સાંભળવાનું હોય ત્યારે બીજે કશે ધ્યાન ન આપશો. વાર્તાના શબ્દો,

ગીતના શબ્દો કે સૂચનાઓ ઉપર કોઇપણ કારણસર ધ્યાન નહીં અપાયું હોય તો કેવીરીતે સમજાય ? માટે ધ્યાન દઇને સાંભળશો. તોજ તમારા જવાબો સાચા પડશે. સાંભળતા જજો અને બરાબર સમજતા જજો. આટલી વાત બરાબર સમજાઇને ?

તમને વાર્તા વગેરે કઇરીતે સંભળાવાશે અને કઇરીતે તેના ઉપર પ્રશ્નો પૂછાશે તેની સૂચના હવે સમજો તે માટે આપણે એક ફકરો લઇશું. તે તમને ટેઇપરેકર્ડર ઉપર સંભળાવાશે. ત્યારપછી તેના ઉપર ચાર સવાલો પૂછાશે. તે દરેક સવાલના ચાર ચાર જવાબો તમારા ઉત્તરપત્રમાં આપેલા છે તે ચાર જવાબમાંથી એક જવાબ સાચો છે. તમારે તે સાચો જવાબ શોધીને તે સાચા જવાબના અક્ષર ફરતું ગોળ કુંડાળું કરવાનું છે. ચાર જવાબમાંથી એક જવાબ સાચો છે. મહાવરા માટે એક ફકરો સાંભળો. સાંભળવા તૈયાર ? સાંભળો.

"લાંબી માંદગીને કારણે અતુલ શાળાએ જતો ન હોતો અને આજે જ ગયો. સાંજે મિત્રો સાથે વાતો કરતો, હસતો, રમતો અને આનંદ કરતો ઘરે આવ્યો. તેને ખૂબ ભૂખ લાગી હતી. ઘરે જઇને જોયું તો માએ લાડુ બનાવ્યા હતા. આથી તે ખૂબ ગુસ્સે થયો. કારણકે ડોક્ટરે તેને લાડુ ખાવાની મનાઇ કરી હતી."

સાંભળ્યોને ?

હવે આ ફકરા પરના ચાર સવાલો એક પછી એક [illegible] પૂછાશે. હવે તમારું ઉત્તરપત્ર ખોલો અને પાનાં બીજાપરનાં પ્રશ્નોના જવાબો વાંચો. અને તેમાંથી જવાબ આપતા જાઓ. સવાલ સાંભળવા તૈયાર ? સાંભળો:—

<u>સવાલ પહેલો :-</u> અતુલ શાળાએ ગયો ન હોતો ?

સવાલ પહેલાની સામેના ચારેય જવાબો વાંચો અને તેમાંથી સાચો જવાબ શોધો. જવાબ શોધ્યો ? તે જવાબ સાચો કયો અક્ષર છાપેલો છે ? "ખ" ખરું ને ? તમારે અક્ષર "ખ" ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. !કા.પા. પર કરીને સમજાવાશે!

હવે સવાલ બીજો સાંભળો.

<u>સવાલ બીજો:-</u> આ ફકરામાં અતુલની માંદગી માટે કયો શબ્દ વાપર્યો છે ?

આ સવાલનો જવાબ "ક" સાચો છે તો તમારે તેના ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. હવે સવાલ ત્રીજો સાંભળો.

<u>સવાલ ત્રીજો:-</u> અતુલ શાળાએથી ઘરે આવતો હતો ત્યારે તેના મનમાં કેવો ભાવ હતો ?

આ સવાલનો જવાબ "ગ" સાચો છે. માટે "ગ" ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. ગોળ કૂંડાળું કેવી રીતે કરવાનું છે તે બરાબર સમજાયું ને ? હવે સવાલ ચોથાનો જવાબ જરા જુદી રીતે આપવાનો છે. તેમાં આ ફકરામાં આવેલી વાતના ચાર બનાવો આડા અવળા ક્રમમાં મૂકવામાં આવ્યા છે તે બનાવોને તમારે આંકડો ૧, આંકડો ૨, આંકડો ૩ અને આંકડો ચાર મૂકીને ગોઠવવાના છે. તમને જે બનાવ પહેલો બનેલો લાગે તે બનાવોની સામેના કૌંસમાં એકનો આંકડો, જે બનાવ બીજો બનેલો લાગે તેની સામેના કૌંસમાં બેનો આંકડો

જે બનાવ ત્રીજો બનેલો લાગે તેની સામેના કૌંસમાં ત્રણનો આંકડો અને પછી છેલ્લે ચારનો આંકડો મૂકવાનો છે. આ પ્રમાણે ૧-૨-૩-૪ આકડા મૂકો.

આંકડા મૂકયા કે ? સવાલ ચારમાં ચાર બનાવો આપ્યા છે. તેમાંથી કયો બનાવ પહેલો બન્યો ગણાય ? "અતુલને માંદગી આવી" ખરૂં ને ? તેની સામેનો અક્ષર "ગ" છે. તેની સામે મૂકવામાં આવેલા કૌંસમાં એકનો આંકડો મૂકવો જોઇએ. માંદગી આવ્યા પછી કયો બનાવ બનેલો ? "અતુલ શાળાએ ગયો" ખરૂં ને ? તો તે "ખ" જવાબની સામેના કૌંસમાં બગડો મૂકવો જોઇએ. ત્યારપછી "અતુલને ભૂખ લાગી" અને તેથી "ઘ" સામેના કૌંસમા ત્રણનો આંકડો મૂકવો જોઇએ. અને છેલ્લે "અતુલની માએ લાડુ બનાવ્યા" તે બનાવની સામેના કૌંસમાં ચારનો આંકડો મૂકવો જોઇએ. આ વાત બધાને બરાબર સમજાઇને ? કોઇને કાંઇ પૂછવું છે ? અત્યાર સુધીની વાત બધાને પાકી સમજાઇ ગઇ છે ને ? એક વખત કામ શરૂ થયા પછી કોઇપણ પ્રકારની સમજૂતી અપાશે નહિ. માટે કાંઇપણ ન સમજાયું હોય તો અત્યારેજ પૂછી લેશો. કોઇને કાંઇ પૂછવું છે ?

: સેકન્ડનો વિરામ :

હવે કેટલીક સૂચનાઓ સાંભળો.

<u>સૂચના પહેલી :-</u> બધાજ જવાબો તમારે પેન્સીલથી આપવાના છે.

<u>સૂચના બીજી:-</u> રબ્બરનો ઉપયોગ કરવાનો નથી.

<u>સૂચના ત્રીજી:-</u> ભૂલથી કે ઉતાવળથી ખોટાં સ્થળે જવાબ અપાઈ જાય અને બદલવાની ઇચ્છા થાય તો પહેલા ખોટો જવાબ ઉપર ચોકડી મૂકો. અને પછી જે જવાબ સાચો લાગે તેનાં ફરતું કૂંડાળું કરો. ભૂંસવામાં વખત ન બગાડશો. નહીં તો તમે પાછળ પડી જશો.

<u>સૂચના ચોથી:-</u> જ્યારે ટેઇપ રેકર્ડર ઉપર કાંઇપણ સંભળાવાનું હોય ત્યારે બીજે ક્યાંય ધ્યાન ન આપો. સાંભળવામાં જ ધ્યાન આપો.

<u>સૂચના પાંચમી:-</u>કસોટી પૂરી થાય કે તરતજ ઉત્તરપત્ર બંધ કરી દેજો. હવે પછી કરવાની કસોટીના જવાબો વાંચવાની કોશિશ કરવાને બદલે તે કસોટીની સૂચના બરાબર સાંભળો અને સમજો.

<u>સૂચના છઠ્ઠી:-</u> સાંભળતી વખતે, દરેક કસોટી વખતે પેન્સિલ નીચે મૂકી દેજો. સાંભળતી વખતે કશુંજ લખવાનું નથી.

<u>સૂચના સાતમી:-</u>તમારા જવાબો કપાસથી ઢાંકો. દરેક કસોટી વખતે પ્રશ્નો જવાબ આપી તરતજ ઢાંકતા જવાનો છે.

<u>સૂચના આઠમી:-</u>તમારે આ ઉત્તરપત્રમાંજ બધા જવાબો આપવાના છે.

હવે કસોટી પહેલી લઇએ

## ક સો ટી - ૧.

તેમાં તમને નાના નાના ફકરા એક પછી એક સંભળાવાશે. તમને તે પછીથી તે હરેક ફકરા ઉપર તે ફકરામાંથી કહેવાયેલી મુખ્ય વાત ઉપર એક એક સવાલ પૂછાશે. આ માટેનો ફકરો પહેલો સાંભળવા તૈયાર ? હરેકને કસોટી પહેલી મળી ગઇ છે ને ? ફકરો સાંભળવા તૈયાર રહો. ફકરો સાંભળવા તૈયાર ? સાંભળો.

ફકરો પહેલો:-

ગામ બહાર કુદરત વચ્ચે આવેલાં મંદિરે કેટલાક લોકો જાય ત્યારે ભગવાનની સ્તુતિ બોલે, પગે લાગે અને ઓટલે કે પગથિયે શાંત વાતાવરણમાં થોડીવાર બેસે અને પછી ઘરે જાય. હવે સવાલ સાંભળો.

સવાલ પહેલો:- આ લોકોને મુખ્યત્વે કેવા કહી શકાય ?

ફકરો બીજો:-

મહાન પુરૂષો નિરાશ પણ થાય છે. અને તેઓએ સંકટો પણ વેઠયાં છે. ઘણી નુકશાની પણ સહન કરી છે. અને છતાં તેઓ થાકયા વિના વિચારતા અને કામ કરતા રહયા છે. આથીજ નિરાશ થનાર લોકોને તેઓ ઘણીજ

ઘણીજ પ્રેરણા આપી શકે છે. હવે સવાલ સાંભળો.

સવાલ બીજો:- આ ફકરામાં મુખ્યત્વે કોના વિશે વાત કરવામાં આવી છે ?

ફકરો ત્રીજો:-

અમારે ઘરે માથે કાળી કલગીવાળું આછા કેસરી રંગનું, લાંબી પૂછડીમાં કેસરી અને કાળા પટાવાળું પક્ષી આવે છે. તેની કેસરી પાંખમાં કાળા સુંદર ટપકાં છે તેથી તે દેખાવે સુંદર લાગે છે. હવે સવાલ સાભળો.

સવાલ ત્રીજો:- આ ફકરામાં મુખ્યત્વે કઇ વાત કરી છે ?

ફકરો ચોથો:- સાંભળો:-

પોતાની ગમે ત્યાં પુસ્તકો મૂકવાની ટેવને કારણે સ્વાતિના નાનાભાઇના હાથમાં તેનું પુસ્તક ગયું. ભાઇએ તેનાં પાનાં ફાડયાં. તેથી સ્વાતિને ખૂબ દુ:ખ થયું. પણ ભાઇ પર ગુસ્સો કરવાને બદલે પોતે નક્કી કર્યું કે હવે આ રીતે પુસ્તકો જયાં ત્યાં નહીં મૂકે. હવે સવાલ સાંભળો:-

સવાલ ચોથો:- આ ઉપરથી આપણે સ્વાતિને કેવી કહીશું ?

કસોટી પહેલી પૂરી થઇ. હવે કસોટી બીજી લઇએ. તમારું ઉત્તરપત્ર બંધ કરો. અને ધ્યાન દઇને એક વાર્તા સાંભળો.

## કસોટી - ૨.

### વાર્તા :- શિયાળ અને બકરો:-

એક શિયાળ હતું. એક દિવસ પાણીની શોધમાં ફરતું ફરતું એક કૂવામાં પડી ગયું. કૂવો એટલો ઊંડો હતો કે તેમાંથી તે આપમેળે બહાર નીકળી શકે નહીં.

એવામાં એવું બન્યું કે એક કદાવર બકરો કૂવાને કાંઠે આવી ચડ્યો તે પણ તરસ્યો થયો હતો. અને કૂવાની આસપાસના વિસ્તારમાં નદી કે નાળામાં કે તળાવમાં પણ ક્યાંય પાણી નહોતું. પાણીની શોધ કરતો કરતો તે પણ આ કૂવાને કાંઠે આવીને ઊભો.

બકરાએ આવીને કૂવામાં ડોકિયું કર્યું જુએ તો અંદર શિયાળ. શિયાળે પણ બકરાને ઉપર કૂવાં કાંઠે ઊભેલો જોયો. એટલે તરતજ આનંદથી પાણીમાં લહેર કરતું હોયને તેમ તે ત્યાં ગેલ કરવા લાગ્યું. જાણે ત્યાં કંઇ દુ:ખજ ન હોય ! જાણે કે કૂવામાં મઝા કરવા અંદર પડ્યું ન હોય ?

કૂવામાં શિયાળને જોઇ બકરાએ પૂછ્યું, "કેમ ? શિયાળભાઇ, અંદર પાણી કેવુંક છે ? હું તરસ્યો થયો છું. તેથી પૂછું છું. અંદર આવું ?" આંખના પલકારામાં શિયાળે બહાર નીકળવાનો લાગ જોઇ લીધો. તેણે જવાબ આપ્યો, "બકરાભાઇ, પાણીનું તો પૂછોજ નહીં. એવું મીઠું છે કે પીવા કરીએ તોય ધરાઇએ નહીં. અને

અને તેથીજ હું તો અહીંજ રહેવા માગું છું. અહીં આસપાસ લાંબા વિસ્તાર સુધી ક્યાંય પાણી નથી. અને અહીં તો ખારું મજેદાર મીઠું પાણી જોઇએ તેટલું છે તમે જરૂર આવો. કૂવો સાંકડો છે ખરો પરંતુ પાણી પીવા માટે તમને જગા ન આવું એવું તે [illegible] કાંઇ બને?

બાપો બકરો શિયાળની આવી આવકાર વાણી સાંભળી ખુશી ખુશી થઇ ગયો. અને અંદર કૂદી પડયો જેવો તે નીચે આવ્યો કે તરતજ શિયાળ કૂદકો મારી તેની પીઠ ઉપર ચડી ગયો. અને જરાપણ વાર લગાડયા વિના તેના મોટાં શિંગડા પર પગ ટેકવ્યા, છલાંગ મારી અને બહાર. બહાર આવીને શિયાળ તો ખડખડાટ હસ્યું. તેણે ત્યાંથી જતાં પહેલાં કૂવામાં પડેલા બકરાને કહ્યું, "બકરાભાઇ, જુઓ, મેં તમને આખી જગા આપી. હવે કૂવાનું મધુરું પાણી પીતાં રહેવાની વારી તમારી. હવે હું જઇશ. તે પહેલાં, એક વાત કહું? તમે લાંબી દાઢી રાખો છો ખરા, પણ તેટલી લાંબી અક્કલ હોય તેમ દેખાતું નથી. કોઇવાત સાંભળી કે તે વિચાર્યા વિના પારકાં પર વિશ્વાસ રાખી તેમાં કૂદી ન પડવું. સમજયા?

વાર્તા સાંભળી ને? હવે તેના ઉપરના પ્રશ્નો એક પછી એક પૂછાશે. તમારું ઉત્તરપત્ર ખોલો અને સવાલ પહેલો સાંભળવા તૈયાર રહો.

<u>સવાલ પહેલો:-</u> શિયાળ કૂવામાંથી શા માટે બહાર નીકળી શકતું નહોતું.

-। ૭૫ ।-

સવાલ બીજો:- આવનાર બકરો તંદુરસ્ત હતો એ જણાવવા વાર્તામાં કયો શબ્દ વાપર્યો છે ?

સવાલ ત્રીજો:- બકરો શા માટે કૂવા કાંઠે આવ્યો હતો ?

સવાલ ચોથો:- કૂવામાં ડોકિયું કરતાં બકરાને શું જોવા મળ્યું હતું ?

સવાલ પાંચમો:- બકરાને જોઈને શિયાળ શું કરવા લાગ્યું હતું ?

સવાલ છઠ્ઠો:- શિયાળે બહુ ઝડપથી વિચાર કર્યો તે કહેવા માટે વાર્તામાં કયા શબ્દો વાપર્યા છે ?

સવાલ સાતમો:- બકરો કૂવામાં આવ્યો તેથી શિયાળને શો ફાયદો થયો હતો ?

સવાલ આઠમો:- આ વાર્તા દ્વારા લેખક શું કહેવા માગે છે?

કસોટી બીજી પૂરી થઈ. હવે કસોટી ત્રીજી લઈએ.

## કસોટી - ૩

આ કસોટીમાં તમને એક નાટક સંભળાવવામાં આવશે. ત્યારપછી તેના પરના કુલ આઠ પ્રશ્નો પૂછવામાં આવશે. અગાઉની માફક દરેક પ્રશ્નના ચાર ચાર જવાબો આપેલા હશે. તમારે દરેક પ્રશ્ન સાંભળ્યા પછી તેના ચારેય જવાબો વાંચીને સાચો જવાબ શોધી કાઢવાનો છે. અને સાચા જવાબની સામેના અક્ષર ફરતું કૂંડાળું કરવાનું છે.

યાદ રાખો કે તમારા ઉત્તરપત્રમાં નાટક કે પ્રશ્નો છાપેલા નહીં હોય. ફક્ત જવાબો જ છાપેલા હશે. માટે ધ્યાન દઈને સાંભળશો.

પેન-પેન્સિલ નીચે મૂકો. સાંભળવા તૈયાર ?

સાંભળો.

પિતા – આ મે મહિનામાં કેટલો બધો તાપ પડે છે ? છાંયડામાં પણ ચેન પડતું નથી. અરે ! કાજલ, આવ, અહીં આવ.

કાજલ – કોણ જાણે રાતને દિવસ મોટાં મોટાં થોથામાં માથું ખોસીને શું ય વાંચ્યા કરો છો તે ?

પિતા – કેમ બહેન બા! આજે કાંઈ લહેરમાં છો ને ? શું કામ આવી છે તે તો કહે ?

કાજલ – લ્યો કેવા છો તમે ? અમે તો ક્યારનાં તમારી રાહ જોઈએ છીએ.

પિતા – મારી રાહ ? શેને માટે ? શું છે આજે ? કંઈ સરસ સરસ ખાવાનું કર્યું છે કે શું ?

કાજલ – કેમ ભૂલી ગયા આજની તારીખ ?

પિતા – ના રે ! આજે થઈ ૨૮મી મે. કેમ તેનું શું છે ?

કાજલ – વાહ રે ! તમે જે કહેલું કે ૨૮મી મે એ વિજ્ઞાનનો જન્મદિવસ છે. અને તમે આજે એ જન્મદિવસ શું કામ ગણાયો તે સમજાવવાના હતા તે ?

પિતા – સામે જ ભૂલી ગયો. ચાલ જલદી નીચે જઈએ.

બધાં – કેમ મોડાં આવ્યા ? કેમ મોડાં આવ્યા ?

કાજલ – એ તો રોજની જેમ ભૂલી જ ગયા હતા.

પરાગ – બાપુજી ! કહો ને આજે જ વિજ્ઞાનનો જન્મદિવસ શા માટે ?

પિતા – એ વાત સમજવા માટે થોડા વર્ષો પાછળ જવું પડશે. આજથી બે હજાર પાંચસો અને ઓગણ ચાલીસ વર્ષ પહેલાની આ વાત છે. બોલો જોઇએ પરાગ કેટલા વર્ષ પહેલા ?

પરાગ – બે હજાર પાંચસો અને ઓગણ ચાલીસ વર્ષ પહેલા એટલે કે આશરે અઢી હજાર વર્ષ પહેલાં કહેવાય ને?

પિતા – કહેવાય બરાબર છે. હવે સાંભળો. આજના તુર્કસ્તાનમાં પશ્ચિમ સીમાએ મિલેટસ નામનું શહેર આવેલું હતું. કહે વિનોદ શહેરનું નામ શું હતું ?

વિનોદ – મિલેટસ.

પિતા – બરાબર. એ મિલેટસ નામના શહેરમાં એક દહાડો હોહા થઇ ગઇ. જ્યાં જુઓ ત્યાં, રસ્તે-ઘાટે ચોરે ચૌટે અગાસીમાં લોકો કામ મૂકીને આકાશ સામું જોઇ રહ્યા હતાં.

કાજલ – આકાશ સામે ? શું કામ બાપુજી ?

– ૭૮ –

પિતા – હા કાજલ, આકાશ સામે. વાત એમ હતી કે એ શહેરમાં અથ્યાલિસ નામના વિદ્વાને કેટલાક દિવસ પહેલાથી ભાખેલું કે આ દિવસે આજ સમયે આ શહેરમાંથી સૂર્યગ્રહણ નરી આંખે જોઇ શકાશે.

વિનોદ – પણ એથી શી રીતે એ વિજ્ઞાનનો જન્મદિવસ ગણાય ? આ પહેલા તો અનેક વખત સૂર્યગ્રહણ થયાં હશે. ૨૮મી મે જ શું કામ વિજ્ઞાનનો જન્મદિવસ ગણ્યો ?

પિતા – તારી વાત સાચી છે, વિનોદ. સૂર્યગ્રહણ અગાઉ ઘણાં થયાં હશે. અને તે કાંઇ ૨૮મી મે એ જ થતાં તેવું નહોતું. પરંતુ સૂર્યગ્રહણ થવાનું સાચું કારણ કોઇ જાણતાં ન હોતાં.

પરાગ – આ સૂર્યગ્રહણ થશે તે શાના આધારે કહી શકતા હશે બાપુજી ?

પિતા – આકાશ અને તારાઓની ગતિનો હિસાબ કરી, ગણતરી કરીને કહી શકાય. થ્યાલિસ પણ એ જ રીતે ગણીને કરેલું.

કાજલ – થ્યાલિસ પહેલાં સૂર્યગ્રહણ થશે તેમ કોણ જણાવતું ? બાપુજી ?

પિતા – ફક્ત ધર્મના પુરોહિતો – ધર્મના અધિકારીઓ.

કાજલ – તો પછી આ થ્યાલિસની અને પુરોહિતની વાતમાં ફેર શું ?

પિતા — સરસ સવાલ કર્યો બેટા કાજલ, મુખ્ય ફેર એ કે બંને પક્ષ સૂર્યગ્રહણ થવા માટે જુદું જુદું કારણ બતાવતાં હતા. પુરોહિતો કહેતા કે સૂર્ય એ પ્રકાશનો દેવ છે. અને અંધકારનો દેવ પ્રકાશના દેવ પર હુમલો કરે કે ગળી જાય ત્યારે સૂર્યગ્રહણ થાય છે. અને આથી તેઓ લોકોને અંધકારના દેવને રાજી રાખવા માટે પૂજાપાઠ ઉપવાસ વગેરે કરવાનું કહેતાં.

વિનોદ— આવાં કારણો બાપુજી ? કોઇ માને એ ને ?

પિતા — તે કાળે વિનોદ, લોકો એટલાં બધા ધર્મિષ્ઠ અને અંધશ્રધ્ધાળું હતાં કે પુરોહિતો કહે તે બધુંજ માને. આ વાતની સામે થેયાલિસે અનેક પ્રયોગો કરી સૂર્ય ગ્રહણ થવા પાછળનું સાચું કારણ આપ્યું. સાથે સાબિતી પણ આપી.

કાજલ — પણ કયું કારણ બાપુજી તે તો તમે તે કહ્યું જ નથી.

પિતા — બહુ ઉતાવળી તું તો. જો સાંભળ થેયાલિસે એવું કારણ આપ્યું કે જયારે આકાશમાં પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર આવે ત્યારેજ સૂર્યગ્રહણ થાય છે. અને પુરોહિતોની વાત ખોટી છે. આ વાત થેયાલિસે કહી તે દિવસે મે ની ૨૮મી તારીખ હતી. અને તેથીજ તે દિવસને વિજ્ઞાનનો જન્મદિવસ ગણવામાં આવે છે.

વિનોદ – સાબિતી સાથે, પ્રયોગો સાથે વાત કરીએ એટલે વિજ્ઞાનનો જન્મદિવસ, ખરું ને ? વિજ્ઞાનમાં હંમેશા સાબિતી જોઈએ ખરું ને ?

પરાગ – તો તો બાપુજી રાત-દિવસ કેમ થતાં હશે ? નાના મોટા દિવસ કેમ થતાં હશે ? તે સમજાવો ને ? તેની કાંઈક સાબિતી હશે ને ? અમને એ બધુ સમજાવો ને ખૂબ મજા પડે છે.

પિતા – અરે ! તમે તો બહુ સવાલ કરવા લાગ્યા. મારે હવે કામ છે. કેટલાક લોકોને આવવાનો સમય થઇ ગયો છે. આવતી કાલે એના વિષે વાત કરીશું. પ્રયોગ કરીશું.

બધાં – ભલે, ભલે.

નાટક સાંભળ્યું ને ? હવે તેના પરના પ્રશ્નો તમને એક પછી એક સાંભળતા જાઓ. સૂચના મુજબ જવાબ આપતા જાઓ. હવે પેન્સિલ હાથમાં લ્યો. અને સાંભળવા તૈયાર રહો. પ્રશ્ન સાંભળવા તૈયાર ? સાંભળો .....

પ્રશ્ન-૧ આ વાતચીતમાં મુખ્યત્વે કોણ કોણ ભાગ લે છે?

પ્રશ્ન-૨ આ વાત કહેનાર શા કારણે મોડા થાય છે?

પ્રશ્ન-૩ [illegible] વ્યાસ કોનું નામ છે ?

પ્રશ્ન-૪ આ વાત કેટલા વર્ષો પહેલાની છે ?

પ્રશ્ન-૫ પુરોહિતો સૂર્યગ્રહણ થવા માટે શું કારણ આપતા હતા ?

પ્રશ્ન -૬ એ વખતે લોકો સૂર્યગ્રહણના દિવસે શા માટે પાઠપૂજા અને ઉપવાસ કરતા ?

પ્રશ્ન -૭ આ વાતચીતમાં મુખ્યત્વે શેના વિષે વાત થઈ છે?

પ્રશ્ન -૮ કયા દિવસને વિજ્ઞાનની જન્મદિવસ [illegible] ગણ્યો છે ?

કસોટી ત્રીજી પૂરી થઈ. તમારું ઉત્તરપત્ર બંધ કરો.

## કસોટી - ૪

હવે કસોટી ચાર લઈએ. તેમાં તમારી શાળાના મકાનને આગ લાગે તો શું કરવું તેની સૂચના આપવાનો કાર્યક્રમ સંભળાવાશે. સાંભળવા તૈયાર ? સાંભળો.

"આજે આપણે આપણી શાળામાં આગ લાગે તો શું કરવાનું છે તેનો એક કાર્યક્રમ કરવાના છીએ. તેની સૂચના સાંભળો:-

સૌ પ્રથમ આગ લાગવાનો લાંબો ઘંટ વાગશે. તે ઘંટ સાંભળો કે તરતજ તમારા હાથમાં જે કાંઈ પુસ્તકો, સાધનો કે વસ્તુઓ હોય તેને નીચે, ત્યાં ને ત્યાં મૂકી દેજો. જો તમે તમારા વર્ગમાં હો તો વર્ગ બહાર નીકળજો. પણ દોડશો નહીં. છતાં ઝડપ કરજો. ~~વર્ગ બહાર નીકળજો. પણ દોડશો નહીં. છતાં ઝડપ કરજો.~~ વર્ગ બહાર નીકળીને શાળાના મકાનના વચ્ચેના પગથિયાં તરફ જવાનું નથી. પરંતુ તમારા વર્ગના ડાબા હાથ તરફ આવેલા ઉત્તર દિશાના દાદર તરફ જજો. ગભરાશો નહીં. દાદર

ઉતરીને શાળાના ઉતરે આવેલા મેદાનને એક છેડેની દિવાલ પાસે ઊભા રહેજો. જયાં સુધી કોઇપણ સૂચના ન મળે ત્યાં સુધી ત્યાં ને ત્યાં જ રહેજો. શાળાનાં મકાનમાં પણ ન જશો. તેમજ ઘરે પણ એકલા ન જશો. કદાચ કોઇ તેડવા આવે તો પણ રજા લીધા સિવાય ન જશો. ચાલો હવે તૈયાર થાઓ.વાતો ન કરો.

હવે સવાલો પૂછાશે.

સવાલ પહેલો :- આ કાર્યક્રમ શેનો હતો ?

સવાલ બીજો:- લાંબો ઘંટ શાનું સૂચન કરે છે ?

સવાલ ત્રીજો:- લાંબો ઘંટ વાગે ત્યારે પ્રથમ શું કરવાનું કહયું છે ?

સવાલ ચોથો:- વર્ગમાંથી બહાર નીકળતી વખતે શું કરવાનું કહયું છે ?

સવાલ પાંચમો:- વર્ગમાંથી બહાર નીકળતી વખતે શું કરવાની ના કહી છે ?

સવાલ છઠ્ઠો:- વિદ્યાર્થીઓને શાળાની કઇ દિશાએ એકઠાં થવાનું કહયું છે ?

સવાલ સાતમો:- વિદ્યાર્થીઓએ એકઠા થયા પછી તે સ્થળે કયાં સુધી રહેવાનું હતું ?

સવાલ આઠમો:- વિદ્યાર્થીઓને શેની મનાઇ હતી ?

## કસોટી – ૫મી.

હવે કસોટી પાંચ લઈએ. તમારે નાના નાના ચાર ફકરા એક પછી એક સાંભળતા જઈને તેના પરના સવાલોના જવાબ આપવાના છે. આ દરેક ફકરા ઉપર ત્રણ ત્રણ સવાલ પૂછાશે. તમારે તેના જવાબ અગાઉ આપ્યા છે. તે રીતેજ આપવાના છે. આ ફકરાઓ સાંભળતી વખતે તમારું ઉત્તરપત્ર ઊંધું મૂકજો અને પેન્સિલ પણ નીચે મૂકજો. હવે આવા ફકરા સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

ફકરો પહેલો :-

ચંપકલાલનું મકાન સળગ્યું ત્યારે પહેલાં આસપાસ એકદમ પ્રકાશ ફેલાયો. ત્યારપછી થોડીવારે લાલ અને કેસરી રંગની જ્વાળાઓ આકાશ તરફ ફેલાતી જતી દેખાઈ. સાથે સાથે કાળો ધૂમાડો વાતાવરણને ધૂંધળું બનાવતો હતો.

ફકરો સાંભળ્યો ને ? હવે તેના ઉપર સવાલ પૂછાશે.

સવાલ પહેલો :- મકાન સળગવાથી જ્વાળાઓ કઈ તરફ ફેલાઈ ?

સવાલ બીજો:- મકાન સળગ્યું ત્યારે પહેલાં શું થયું હતું ?

<u>સવાલ ત્રીજો</u>:- ઝાંખું વાતાવરણ શાથી થયું હતું ?

<u>ફકરો બીજો:-</u>

અપૂર્વને લક્ઝરી બસ બહુજ ગમી. તેનો દેખાવ, અંદરની બેઠક, બારીના પડદા, બધુંજ સરસ બેસવાની ગાદી જાડી અને પોચી હતી. દરેક બેઠક પાસે પંખો હતો તેને થયું કે આમાં મુસાફરી કર્યાંજ કરું તો કેવું સરસ !

હવે આ ફકરા પરના ત્રણ સવાલો પૂછાશે.

<u>સવાલ પહેલો:-</u> કોને લક્ઝરી બસ બહુ ગમી ?

<u>સવાલ બીજો:-</u> બસમાં દરેક બેઠક પાસે શું મૂકવામાં આવ્યું હતું ?

<u>સવાલ ત્રીજો:-</u> બસમાં મુસાફરી કરનારે મનમાં શો વિચાર કર્યો હતો ?

<u>ફકરો ત્રીજો :-</u>

ટેકરી પાછળ સૂર્ય ગયો કે તરતજ ટેકરીની ટોચ અને તેની બાજુઓ તેજસ્વી રંગે રંગાયા. થોડીવાર પછી એકદમ વાતાવરણ બદલાયું. અને પછી તરતજ સર્વત્ર આછો અંધકાર ફેલાયો. આછી આછી ઠંડક થઈ.

હવે સવાલો સાંભળો.

<u>સવાલ પહેલો:-</u> આ ફકરામાં મુખ્યત્વે કયી સમયનું વર્ણન છે ?

<u>સવાલ બીજો:-</u> ટેકરીપાછળ સૂર્ય ગયો તેથી ટેકરીની ટોચ કેવી થઇ ?

<u>સવાલ ત્રીજો:-</u> સૂર્ય આથમી ગયા પછી તરતજ શું બન્યું ?

<u>ફકરો ચોથો:-</u>

ઓસ્ટ્રેલિયાના જંગલમાં એક વિચિત્ર પક્ષી રહે છે. ત્યાંના લોકો તેને "હસતું જેકેસ" કહે છે તે વહેલી સવારે વહેલું ઉઠી મોટેથી હસે છે. અને લોકોને જગાડે છે.

હવે સવાલો પૂછાશે.

<u>સવાલ પહેલો:-</u> ઓસ્ટ્રેલિયાનું પક્ષી કેવું પક્ષી છે ?

<u>સવાલ બીજો:-</u> આ પક્ષીને લોકો કેવા નામે ઓળખે છે ?

<u>સવાલ ત્રીજો:-</u> તે લોકોને કેવી રીતે જગાડે છે?

કસોટી પાંચમી પૂરી થઇ. હવે કસોટી છઠ્ઠી લઇએ.

<u>કસોટી - ૬.</u>

આ કસોટીમાં તમારે કલાત્મક વસ્તુના વેપારીનો એક અનુભવ સાંભળવાનો છે. ત્યારપછી તમને તેના પર

આઠ સવાલો પૂછાશે. તમારૂં ઉત્તરપત્ર બંધ કરો. અને વેપારીનો અનુભવ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

"મારે ભરતકામ, મોતીકામ જેવી જુની વસ્તુઓ તેમજ નકશીકામ કરેલી કલાત્મક વસ્તુઓ ખરીદવાનો તથા વેચવાનો ધંધો છે. નકશીકામવાળી વસ્તુઓ ધાતુની હોય કે પથ્થરની, માટીકામની હોય કે ચિત્રકામ હોય કે પછી સુંદર નમૂનાઓ હોય, કોઇપણ પ્રકારની પુરાણી વસ્તુઓ હું બજારમાં તેની માંગ પ્રમાણે ખરીદું તથા વેચું છું.

એક વખત એક બપોરે એક બહેન મારી પાસે ધાતુની મૂર્તિઓ, વાસણો અને ચિત્રો લઇને આવ્યા. તેમણે આવીને મને કહ્યું, "આજકાલ આવી વસ્તુઓની ઘણી માગ રહે છે. પણ મને ખબર નથી કે કઇ વસ્તુની સારી કિંમત ઉપજશે. એટલે તમે એમાંથી કોઇ એક વસ્તુ રાખીને તમને જે યોગ્ય લાગે તે પૈસા આપશો તો આભારી થઇશ. મારે હાલ રૂપિયા પૈસાની ખૂબ જરૂર છે."

મેં તે બધી વસ્તુઓ લીધી અને પછી તેમનું એક પછી એક બારીક નિરીક્ષણ કર્યું. એમાં એક ધાતુની મૂર્તિ મને ખૂબ પસંદ પડી. મેં એ બહેનને કહ્યું, "આ મૂર્તિ હું રાખું છું" અને મેં એ મૂર્તિના અઢી હજાર રૂપિયા આપ્યા, કારણકે તે મૂર્તિ રૂપાની હતી. એટલું જ નહિ પણ તેની કલા કારીગરી બેનમૂન હતી. પેલા બહેન તો

બહેન તો મારી સામું તાકી રહ્યાં. તેઓની આંખોમાંથી અહોભાવ નીતરતો હતો. બહેન વેપારીનો આવો વર્તાવ જોઈ બોલી ઉઠ્યાં: "આજ વેપારીમાં મને દેવનાં દર્શન થયાં છે!"

અનુભવ સાંભળ્યો ને? હવે તેના પરના પ્રશ્નો એક પછી એક સાંભળતા જાઓ અને જવાબ આપતા જાઓ: સવાલ સાંભળવા તૈયાર? સાંભળો:-

<u>સવાલ પહેલો:-</u> આ વાર્તાના વેપારીનો શાનો ધંધો હતો?

<u>સવાલ બીજો:-</u> આ બહેન વેપારી પાસે શા માટે વસ્તુઓ વેચવા ગયાં હતાં?

<u>સવાલ ત્રીજો:-</u> બહેને વેચેલી મૂર્તિ કેવી હતી?

<u>સવાલ ચોથો:-</u> વેપારીએ મૂર્તિ હાથમાં લઈને પ્રથમ શું કર્યું હતું?

<u>સવાલ પાંચમો:-</u> વેપારીએ પૈસા ચૂકવતા પહેલા બારીક નિરીક્ષણ શા માટે કર્યું હતું?

<u>સવાલ છઠ્ઠો:-</u> વેપારીએ બહેને લાવેલી ચીજોમાંથી મૂર્તિજ શા માટે રાખી હતી?

<u>સવાલ સાતમો:-</u> બહેનને જો ફરી વખત કલાત્મક ચીજો વેચવાનો વખત આવે તો તેઓ શું કરશે?

સવાલ આઠમો:- આ અનુભવમાં કહેવાયેલી વાતના ચાર પ્રસંગ અહીં આડા અવળા ક્રમમાં મૂકવામાં આવ્યા છે. તેને આંકડો ૧, આંકડો ૨, આંકડો ૩, અને આંકડો ૪ મૂકીને ગોઠવો.

કસોટી છઠ્ઠી પૂરી થઈ. હવે કસોટી સાતમી લઈએ.

## ક સો ટી - ૭.

હવે તમને નાની નાની વાત સંભળાવવામાં આવશે. ત્યારપછી તમારે તે વાત સાંભળ્યા પછી હવે પછી શું બનવાનું છે તે નક્કી કરવાનું છે. આ માટે આપણે મહાવરો કરીએ તે માટે એક વાત સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

"મહેમાનો આવી ગયા પછી મહેમાનોએ પોતાની બેઠક સ્થાન લીધું. માઇક ઉપરથી હવે પછી થનાર કાર્યક્રમની જાહેરાત થઇ. સવાલ એ છે કે હવે પછી શું બનશે ?

માઇક ઉપરથી હવે પછી થનાર કાર્યક્રમની જાહેરાત થઇ ગઇ છે. માટે આપણે ફરી શકીએ કે પડદો ઉપડશે. માટે અહીં તમારે "ગ" ફરતું કુંડાળું કરવું જોઇએ. કામ કેમ ~~કરવું~~ કરવાનું છે તે સમજાઇ ગયું ને ?

હવે નાની નાની વાત સાંભળવા તૈયાર રહો. વાત સાંભળવા તૈયાર ? સાંભળો.

વાત પહેલી:- નાનકડા પાંચ વર્ષના મેહુલના હાથ

હાથ ઉપર ગરમ ગરમ ચાનો કપ પડયો.

હવે સવાલ સાંભળો.

<u>સવાલ પહેલો:-</u> હવે મેહુલ શું કરશે ?

<u>વાત બીજી :-</u>

સાંજના છ વાગે પિતાજીએ ઓફિસેથી આવી, કપડાં બદલાવી, હાથ પગ ધોઇ, ચા પીધી. ત્યારપછી ચશ્મા તથા છાપાં લઇને રેડિયો પાસે આવેલી આરામ ખુરશીમાં બેઠા .

<u>સવાલ બીજો:-</u> બાપુજી હવે શું કરશે ?

<u>વાત ત્રીજી:-</u> એક માણસે મોટાં વૃક્ષનાં થડ ઉપર કુહાડીથી ઘા માર્યા. થોડીવાર પછી કડડડ અવાજ થયો તે ખસી ગયો.

<u>સવાલ ત્રીજો:-</u> હવે વૃક્ષનું શું થશે ?

<u>વાત ચોથી:-</u> હેવ પૂજા માટે દીવી, વાટ, પૂજાપો વગેરે તૈયાર કરી તારાબેને પૂજાની ઓરડીમાં મૂકયાં. ત્યારપછી તારાબેન બગીચામાં ગયાં. હવે સવાલ સાંભળો:

<u>સવાલ ચોથો:-</u> તારાબહેન હવે શું કરશે ?

કસોટી સાતમી પૂરી થઇ. હવે કસોટી બારમી લઇએ.

## કસોટી – ૧૨.

આ કસોટીમાં તમને રેડિયો પર કે શાળામાં કોઇ વાર્તાલાપ સંભળાવવામાં આવે છે ને ! તેવો એક વાર્તાલાપ સંભળાવાશે. આ વાર્તાલાપ "ઘરની સજાવટ" પરનો છે. એ વાર્તાલાપ સાંભળ્યા પછી તમારે આઠ પ્રશ્નોના જવાબ આપવાના છે. વાર્તાલાપ સાંભળવા તૈયાર ? સાંભળો.

## ઘરની સજાવટ

"દરેક સ્ત્રી ઘરને સજાવે છે, પછી તે ગમે તે પ્રદેશમાં રહેતી હોય, શહેરમાં કે ગામડામાં પણ પોતાના સમાજના ખ્યાલો પ્રમાણે ઘરની સજાવટ તો કરે જ છે. દરેક ગામડાંની સ્ત્રીઓ પોતાનાં નાનકડાં ઘરને ઘરની દીવાલો ધોળીને, એટલે કે સફેદ ખડીથી રંગીને તથા પોતાના ઘરની ગાર લીંપીને સ્વચ્છ અને સુઘડ બનાવે. અભરાઇનાં વાસણો ચકચકિત બનાવે. આભલાં અને હીર ભરેલ ભરતથી ઘરને શણગારે, ઉપરાંત ગારની લીંપેલી ભીંતો પર સફેદ ખડીથી ફૂલ, ઝાડ, પક્ષીઓ દેવ દેવીઓની સુંદર ભાત પાડે. આ બધાથી ઘરની સજાવટ કરે છે.

જ્યારે શહેરની મધ્યમ વર્ગની સ્ત્રીઓ પાકા

ચણતરની દીવાલો પર જાતે બનાવેલી કે ખરીદેલી કલાત્મક વસ્તુઓ ટાંગીને કે ઓરડાની લાદી પર રંગોળી કરીને સજાવટ કરે છે. વાંસની પીપો, એલચીનાં ફોતરાં કે ચતારાથી ભરેલી ફ્રેઈમો જાતે બનાવે છે. હાથ ભરતનાં રૂમાલ, પડદા કે ચાદરો ગોઠવી શણગારે છે. જુદા જુદા માસિકોમાંથી કાપીને કે કેલેન્ડરોમાંથી કાપીને પ્રકૃતિનાં દૃશ્યો મઢાવીને પણ ઓરડાની દિવાલો પર ટાંગે છે. ઘરની કે કુટુંબની વ્યક્તિઓનાં કે દેશનેતાઓના ફોટા પણ ભીંતે લગાડે છે.

વળી સાધન સંપન્ન એટલે કે શ્રીમંત વ્યક્તિઓ તો નવું નવું ફર્નિચર વસાવે, ફૂલદાનીઓ લાવે, નાઇટ લેમ્પ મૂકે અને શિલ્પકલાની કલાત્મક કૃતિઓ કે મૂર્તિઓ પણ લાવી સજાવટ કરે છે. આમ, સજાવટનાં સાધનો અને ચીજો અનેક છે.

પણ ઘણા વખત સજાવટની અને ઘણી મોંઘી હોય પણ યોગ્ય સ્થળે ન મૂકી હોય, કે કદ બરાબર ન હોય તો શોભી ન ઊઠે. રંગોની મિલાવટ બરાબર ન કરી હોય તો પણ આકર્ષક ન લાગે. એકી સાથે વચ્ચે જગ્યા રાખ્યા વિના દરેક ચીજો-કેલેન્ડર, દૃશ્ય ચિત્ર કે અરીસો હારબંધ ગોઠવો તો પણ સારું ન લાગે.

સજાવટમાં બે ચીજો વચ્ચે યોગ્ય જગ્યા હોય, સાથે રંગોની મિલાવટ પણ હોય, ભીંત, ટેબલ કલોથ,

દૃશ્યો કે ફઇઓનો રંગ ધ્યાનમાં રાખવો જોઇએ. આમ અનેક બાબતો ધ્યાનમાં લેવી પડતી હોય છે. આ માટેની માહિતી કેટલાંક પુસ્તકોમાંથી મેળવી શકાય છે.

આ બધી સજાવટ કરવાનો વખત સાધન કે ચીજો ન હોય તો પણ ઉત્તમ પ્રકારની સ્વચ્છતા અને વ્યવસ્થામાંથી પણ ઘરની ઉત્તમ પ્રકારની સજાવટ ઊભી થાય છે. તેવો ખ્યાલ આપણને સ્વચ્છ ઘરોમાં જઇને ઊભા રહીએ ત્યારે આવે છે. ત્યાં કોઇ મોંઘી ચીજો પણ હોતી નથી અને વિવિધ પ્રકારનું સુશોભન પણ નથી હોતું. છતાં પણ તે ઘરો એકદમ ગમી જાય છે. તેનું કારણ ઘણી વખત સ્વચ્છતા અને ઘરની વસ્તુઓની વ્યવસ્થિત સ્થાને ગોઠવણી હોય તે છે. એટલે સજાવટ સાથે સ્વચ્છતા અને વ્યવસ્થા હોય તો સવિશેષ દીપી ઊઠે છે.

હવે વાર્તાલાપ પરના સવાલો પૂછાશે. સવાલ સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>સવાલ પહેલો:-</u> "પોળવું" એટલે શું ?

<u>સવાલ બીજો:-</u> ગામડાની સ્ત્રીઓ ભીંત પર કેવાં ચિત્રો પાડે છે ?

<u>સવાલ ત્રીજો:-</u> કેલેન્ડરોમાંથી કે માસિકોમાંથી ચિત્રો કાપીને કોણ ઘર શણગારે છે ?

<u>સવાલ ચોથો:-</u> શહેરની શ્રીમંત સ્ત્રીઓ કઇરીતે ઘરને શણગારે છે ?

સવાલ પાંચમો:- ભીંત પર ગોઠવેલા ફોટા કે કેલેન્ડર ન ગોઠવવાનું કારણ શું ?

સવાલ છઠ્ઠો:- સજાવટ કયાં કારણોથી શોભી ઉઠે છે ?

સવાલ સાતમો:- ઘરમાં ગમે તેટલી સુંદર સજાવટ હોય છતાં શાથી શોભી ન ઉઠે ?

સવાલ આઠમો:- સજાવટ શોભી ઉઠવા માટે કઇ બાબતો જરૂરી નથી ?

કસોટી બારમી પૂરી થઇ. હવે કસોટી ૧૦મી લઇએ.

## કસોટી ૧૦મી.

આ કસોટીમાં તમારે રૂઢિ પ્રયોગના અર્થ આપવાના છે. તે અર્થ તમે અત્યાર સુધી આપ્યા છે. તે રીતેજ આપવાના છે. રૂઢિ પ્રયોગો સાંભળીને તરતજ અર્થ શોધીને તેના અક્ષર ફરતું ગોળ કૂંડાળું તરતજ કરી લેજો. હવે રૂઢિ પ્રયોગ સાંભળવા તૈયાર રહો. રૂઢિ પ્રયોગ સાંભળવા તૈયાર ? સાંભળો.

રૂઢિ પ્રયોગ ૧:- ૧: એકના બે નહું થવું.

રૂઢિ પ્રયોગ ૨:- ૨: ઊંઠા ભણાવવાં.

રૂઢિ પ્રયોગ ૩:- ૩: પાણી મૂકવું.

રૂઢિ પ્રયોગ ૪:- ૪: વાળ વાંકો ન થવો.

હવે કસોટી ૧૧મી લઇએ. તેમાં તમારે કહેવતોના

અર્થ આપવાના છે. કહેવતોના અર્થ આપવા તૈયાર ? સાંભળો.

<u>કસોટી ૧૧મી.</u>

<u>કહેવત ૧:-</u> દાઝયા ઉપર ડામ દેવો.

<u>કહેવત ૨:-</u> રાત થોડીને વેશ ઝાઝા.

<u>કહેવત ૩:-</u> અતિ લોભ તે પાપનું મૂળ છે.

<u>કહેવત ૪:-</u> પારકી આશ સદા નિરાશ.

<u>કસોટી ૮મી</u>

આ કસોટીમાં તમારે શબ્દના અર્થ શોધવાના છે. આગાઉ જે રીતે જવાબ આપ્યો છે તે રીતેજ આપવાનો છે. પરંતુ આ જવાબોની છાપણી જરા જુદી રીતે કરી છે. તમારે તે જવાબો સીધી લીટીમાં આડી લીટીમાં વાંચવાના છે. આ માટે આપણે એક મહાવરો કરીએ.

<u>શબ્દ ૧લો:--</u> <u>પૈસા.</u> આ માટેના ચાર જવાબો વાંચો.
"ક" સોનું, "ખ" ધન, "ગ" પગાર, "ઘ" રોકડ.

તમારે જવાબો કેવીરીતે વાંચવાના છે તેનો ખ્યાલ આવી ગયોને ? હવે તમને ચાર શબ્દો સંભળાવારે. શબ્દ સાંભળતા જાઓ અને જવાબ આપતા જાઓ.

શબ્દ ૧:- પરતીણોર.

શબ્દ ૨:- સીમા.

શબ્દ ૩:- લૂંટારો.

શબ્દ ૪:- યાદગીરી.

કસોટી ૮મી પૂરી થઇ. હવે કસોટી ૯મી લઇએ.

## કસોટી ૯મી.

આ કસોટીમાં તમારે શબ્દના વિરોધી અર્થ આપવાના છે. અગાઉ આઠમી કસોટીમાં આપ્યા છે તે રીતેજ આપવાના છે. આપણે મહાવરો કરીશું નહિં. માટે શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો.

શબ્દ ૧:- પ્રિય.

શબ્દ ૨:- નફો.

શબ્દ ૩:- ચલ.

શબ્દ ૪:- વીરતા.

કસોટી ૯મી પૂરી થઇ. હવે કસોટી ૧૩મી લઇએ.

કસોટી ૧૩મી.

આ કસોટીમાં તમને કેટલાંક વાકયો સંભળાવાશે. તમારે આ વાકયોમાં કહેલી વાતો નિશ્ચિત પણે સાચી છે કે ખોટી તે નક્કી કરવાનું છે. જો વાત સાચી હોય તો "સા" ઉપર કૂંડાળું કરવાનું અને જો ખોટી હોય તો "ખો" ઉપર કરવાનું. કયારેક એવું પણ બને કે તે વાત ચોકકસપણે સાચી કે ખોટી ન કહી શકાય તો તમારે "ન" ફરતું કુંડાળું કરવાનું છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે એક મહાવરો કરીએ. તે માટે વાકય સાંભળો.

વાકય પહેલું:-

ગોળાના પાણી કરતાં બરફ ઠંડો હોય છે.

આ વાકયની વાત ચોકકસપણે કહી શકાય કે સાચી છે. માટે કયા અક્ષર ફરતું કૂંડાળું કરશો ? "સા" ફરતું ખરું ને ? કરો. હવે વાકય બીજું સાંભળો.

વાકય બીજું:- વર્ગમાં અનિયમિત રહેનાર વિદ્યાર્થીને ભણવામાં રસ હોતો નથી ?

આ વાકયની વાત ચોકકસપણે સાચી કે ખોટી ન કહી શકાય. કારણકે વિદ્યાર્થી બસને કારણે કે કોઇ માંદગીને કારણે કે કોઇ ઘરની બીજી જવાબદારીને કારણે મોડો આવે તથા તેથી અહીં શેની ફરતું કૂંડાળું કરીશું ?

"ન" ફરતું ખરું ને ?

– આ કસોટીમાં કામ કેમ કરવાનું છે તે સમજાયું ને? હવે તમને આવાં ચાર વાક્યો એક પછી એક સંભળાવાશે. હવે વાક્ય સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો.

<u>વા. ૧લું:–</u> હવે પછી બનવાની ક્રિયા ભવિષ્યકાળમાં [illegible] હોય છે.

<u>વા. ૨જું:–</u> પ્રત્યેક ધર્મને પોતાનું ધર્મપુસ્તક હોય છે.

<u>વા. ૩જું:–</u> પાનખર ઋતુમાં ખૂબ નવાં પાંદડાં આવે છે.

<u>વા. ૪થું:–</u> તોફાની વિદ્યાર્થીઓમાં ઓછી બુદ્ધિ હોય છે.

કસોટી ૧૩મી પૂરી થઇ. હવે કસોટી ૩૨ લઇએ.

## <u>ક સો ટી ૩૨.</u>

આ કસોટીમાં તમે કેટલું વિચારી શકો છો તે માટે કેટલાક કોયડાઓ સંભળાવવામાં આવશે. તેમાં પહેલા બે કોયડાઓ બે જવાબવાળા હશે. પછી એક કોયડો ત્રણ જવાબ વાળો હશે. અને પછીનો ચોથો કોયડો ચાર જવાબવાળો હશે. આ કોયડાઓ કેવી રીતે પૂછાશે અને તેના જવાબો કેવી રીતે આપવાના છે તે સમજવા માટે આપણે મહાવરો કરીએ.

પહેલા કોયડો સાંભળો.

કોયડો ૧લો:-

"ત" કરતાં "ર" ઊંચો છે. "ત" કરતાં "સ" ટૂંકો છે? માટે "સ" "ર"થી કેવો કહેવાય?

— "નીચો" - ખરું ને? તેની સામે કયો અક્ષર આપેલો છે.

"ખ" માટે "ખ" ફરતું કૂંડાળું કરવું જોઇએ. હવે કોયડો બીજો સાંભળો.

કોયડો ૨જો:-

નેતાઓ, માતાપિતા, શિક્ષકો બધાંજ પાપ ન કરવાની સલાહ આપે છે. પાપીની ટીકા કરે છે. માટે તેઓ કદી પાપ કરતાં નહીં હોય.

— આ કોયડામાં નેતાઓ, માતાપિતા વગેરે સલાહ તો આપેજ પણ પાપ ન કરે તેવું ચોક્કસપણે ન કહી શકાય માટે કયા અક્ષર ફરતું કૂંડાળું કરવું જોઇએ?

"ગ" ફરતું માટે "ગ" ફરતું કૂંડાળું કરો.

કોયડો ૩જો સાંભળો:-

ચમેલી, કેવડો અત્તર અને એલચી કઇ બાબતમાં સરખાં છે?

તમને ખ્યાલ આવ્યો હશે કે દરેક સુગંધિત છે તેથી જવાબ "ક" સાચો છે. માટે "ક" ફરતું કૂંડાળું કરવું જોઇએ.

હવે કામ કેવી રીતે કરવાનું છે તે બરાબર સમજાયું ને ? હવે તમને કુલ ચાર કોયડાઓ પૂછાશે. તમારે તે સાંભળતા જઇને જવાબ આપતા જવાના છે. કોયડાઓ સાંભળવા તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો.

કોયડો - પહેલો:-

"અ" અને "બ" સરખા છે. "ક" "બ" કરતાં નાનો છે. માટે "ક" "બ" થી કેવો કહેવાય ?

કોયડો - બીજો:-

"અ" "મ" કરતાં સુંવાળું છે અને "મ" "ર" કરતાં સુંવાળું છે માટે "ર" "અ"થી [illegible] કેવું હશે ?

કોયડો - ત્રીજો:-

પશુ, પંખી, માનવી બધાંજ મરણ પામે છે. દિલીપ માનવી છે તે કદિ અમર થઇ શકે નહિ.

કોયડો - ચોથો:-

ઘંટ, ટેલિફોન, રેડિયો, હોર્ન અને સીસોટી આ બધાં કઇ બાબતમાં સરખાં છે ?

કસોટી ૩૨મી પૂરી થઇ. હવે કસોટી ૨૪મી લઇએ.

કસોટી - ૩૪મી.

આ કસોટીમાં તમારે અંકગણિતના કુલ ચાર દાખલા

ગણવાના છે. આ દાખલાઓની રકમ તમને ટેપરેકર્ડર પર સંભળાવાશે. તે રકમ કઇ રીતે સંભળાવાશે અને દાખલાઓ કેવી રીતે ગણવાના છે તે સમજવા માટે મહાવરો કરીશું.

દાખલો - ૧લો:-

આજે પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં ચાર ગણી છે. જો પિતાની ઉંમર આજે ૪૦વર્ષની હોય તો પુત્રની ઉંમર કેટલી ?

- આ દાખલો આ કોયડાનો જવાબ "ક" આવ્યો છે માટે "ક" ફરતું કુંડાળું કરો.

દાખલો - ૨જો:-

રકમ સાંભળો.

૧૦૦ગ્રામ, અર્ધો કિલો અને ૨૫૦ મીલીગ્રામમાં સૌથી વધુ વજન કયું ગણાય ?

- અર્ધો કિલોગ્રામ એટલે ૫૦૦ ગ્રામ ખરું ને ? તે વજન સૌથી વધારે છે માટે જવાબ "ગ" ફરતું કુંડાળું કરવું જોઇએ.

હવે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું ને ? હવે આવા કુલ ચાર દાખલા તમારે ગણવાના છે. દાખલા પહેલાની રકમ સાંભળવા તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો.

દાખલો ૧લો:-

રપ૭ના દસ સરખા ભાગ કરીએ તો કેટલા થાય ?

દાખલો ૨જો:-

એક વિદ્યાર્થીઓનું જૂથ છે. તેઓ દરેક ૧૭ રૂપિયા લાવીને મૂડી એકઠી કરે તો કુલ કેટલી મૂડી એકઠી થાય ?

દાખલો ૩જો:-

એક માણસને કુલ ત્રણ છોકરા છે. સૌથી નાનાની ઉંમર ચાર વર્ષની છે. અને ત્રણેય વચ્ચે ત્રણ ત્રણ વર્ષનો તફાવત છે તો બે વર્ષ પછી સૌથી મોટા છોકરાની ઉમર કેટલી હશે ?

દાખલો ૪થો:-

મનહરલાલ પાસે ૮૪ રૂપિયા છે. તેઓ તેમના ત્રણ છોકરાઓને સરખે ભાગે વહેંચી આપે છે તે દરેક છોકરાને કેટલા રૂપિયા મળ્યા હશે ?

કસોટી ૩૪મી પૂરી થઇ. હવે કસોટી ૩૩મી લઇએ.

## કસોટી ૩૩.

હવે તમારે વાકયમાંથી શબ્દ શોધી આપવાના છે. આ માટે તમને બે વાકયો અપાશે. એક વાકય તમારાં ઉત્તરપત્રમાં છાપેલુ છે. તેમાં એક શબ્દ ખાટો છે. તે શબ્દ જેવોજ બીજો શબ્દ તમારે બીજાં સાંભળેલા વાકયમાંથી શોધવાનો છે. એ વાકય તમારા ઉત્તરપત્રમાં છાપ્યું નથી.

તમને તે ટેઇપ રેકર્ડર પર સંભળાવાશે. તમારે શોધેલો શબ્દ આંકડા બેની સામેની લીટી નીચે લખવાનો છે. આ કામ કેવીરીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. ઉદાહરણ તરીકે વાકય પહેલું વાંચો.

ઉ. ત. ૧ વાકય પહેલું "છોડ પરથી ફૂલ ખર્યું."

અહીં કયો શબ્દ ધાટા અક્ષરવાળો છે ? "ફૂલ." એટલેકે ક્રિયા કરનાર શબ્દ ધાટો છે. કોણ ખર્યું ? "ફૂલ." ખરવાની ક્રિયા કરનાર ફૂલ છે. હવે તમને બીજું વાકય સંભળાવાય છે.

વાકય બીજું "ગધેડું ભૂકે છે."

વાકયમાં ભૂકવાની ક્રિયા કરનાર કોણ છે ? "ગધેડું" તો તમારે નંબર બેની સામે "ગધેડું" શબ્દ લખવાનો છે. લખો. હવે ઉદાહરણ બીજું લઇએ.

ઉ. ત. ૨ વાકય પહેલું "વરસાદ અટકયો".

અહીં કયો શબ્દ ધાટા અક્ષરવાળો છે ? "અટકયો". એટલેકે ક્રિયા બતાવનાર શબ્દ ધાટો છે. તો ત્યારે બીજાં બોલાએલાં વાકયમાંથી ક્રિયા બતાવનાર શબ્દ [illegible] શોધી નંબર બે સામે લખવાનો છે. વાકય સાંભળો.

વાકય બીજું "માએ સરસ રસોઇ કરી."

ક્રિયા બતાવનાર કયો શબ્દ સાંભળ્યો?

"करी". खरुंने ? नंबर बेनी सामे "करी" शब्द लखो.
हवे उदाहरण त्रीजुं लइए.

उ. त. वाक्य पहेलुं "शिक्षक पाठ शीखवे छे."

अहीं शुं शीखववानी क्रिया थाय छे ? "पाठ". तो तमारे शुं पुछवाथी जे शब्द आवे तेवो शब्द शोधी नंबर बेनी सामे लखवानो छे. हवे वाक्य सांभळो.

वाक्य बीजुं "बापुजीए सरस वार्ता कही."

कयो शब्द लखशो ? "वार्ता". खरुंने ? हवे उदाहरण चोथुं लइए.

उ. त. ४ वाक्य पहेलुं "ते फळो मीठां छे."

अहीं कयो शब्द घाटो छे ? "मीठां". फळो केवां छे ? "मीठां" तमारे सांभळेला वाक्यमांथी आवां विशेषणो शोधवानां छे. हवे वाक्य बीजुं सांभळो.

वाक्य बीजुं "सुरेश होंशियार छोकरो छे."

हवे काम केम करवानुं छे ते समजायुं हशे. हवे साची कसोटी शरु थशे. हवे ओक पहेलीनुं पहेलुं वाक्य वांचो अने घाटो शब्द ध्यानमां ल्यो. हवे वाक्य बीजुं सांभळो.

वाक्य बीजुं "केटलुं रडयो ए छोकरो ?

-। १०४ ।-

હવે જોડ બીજીનું પહેલું લાલ વાક્ય વાંચો અને ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો. હવે વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું પોપટને કાળો કાંઠલો છે.

હવે જોડ ત્રીજીનું પહેલું વાક્ય વાંચો અને ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો. હવે વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું તમે ક્યારે આવશો ?

હવે જોડ ચોથીનું પહેલું વાક્ય વાંચો અને ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો. હવે વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું સ્ટેશનેથી ગાડી ઉપડે છે.

કસોટી ૩૩મી પૂરી થઇ. હવે કસોટી ૩૦મી લઇએ.

-। १०५ ।-

કસોટી - ૩૦મી.

આ કસોટીમાં પણ તમે કેટલું વિચારી શકો છો તે સમજવા માટે તમને ત્રણ ત્રણ અક્ષરોની જુદીજુદી ગોઠવણીવાળા ચાર ચાર ઝૂમખાં એક સાથે સંભળાવવામાં આવશે. તમારે તેમાંથી જુદું પડતું ઝૂમખું શોધી કાઢવાનું છે. તે ઝૂમખું કેવી રીતે શોધી કાઢવાનું છે, તેનો આપણે મહાવરો કરીએ. તમારા ઉત્તરપત્રમાં આપેલી સૂચના હવે વાંચો.

ગોઠવણી ૧:-

દદજ, દદર, દદડ, તદદ, આ ગોઠવણીમાં પહેલાં ત્રણ ઝૂમખાં "દ"થી શરૂ થાય છે. જયારે છેલ્લું ઝૂમખું "ત"થી શરૂ થાય છે માટે તમારે આવું જુદું પડતું ઝૂમખું લખવાનું છે.

ગોઠવણી ૨:-

અસલ, આસલ, તસલ, ઇસલ, આ ગોઠવણીમાં ઝૂમખું ત્રીજું વ્યંજનથી શરૂ થતું હોઇ જુદું પડે છે. તમારે આવું જુદું ઝૂમખું શોધીને લખવાનું છે. હવે આ માટે તમને જાતે કામ કરવાનો મહાવરો પડે તે માટે ઝૂમખાં, બે ગોઠવણીઓ સંભળાવવામાં આવશે. ગોઠવણી સાંભળવા તૈયાર ? સાંભળો ?

ગોઠવણી ૩:- દદ , દલ, દક, દીક.

ગોઠવણી ૪:- ચૂચી, પૂપી, મચી, તુતી.

આ બંને ગોઠવણીના જવાબોમાં ગોઠવણી ત્રણમાં <u>ઠીક</u> શબ્દ લખવો જોઈએ. ગોઠવણી ચારમાં <u>મથી</u> શબ્દ લખવો જોઈએ. હવે કામ કેમ કરવાનું છે તે બરાબર સમજાયું ને? હવે બાકી કુલ ચાર ગોઠવણીઓમાંથી તમારે જુદો પડતો શબ્દ શોધવાનો છે. ગોઠવણી સાંભળવા તૈયાર? સાંભળો.

<u>ગોઠવણી પહેલી:-</u> માતર, માથર, માદર, માજુફી.

<u>ગોઠવણી બીજી:-</u> તીમ, તાક, તીજ, ઘીપ.

<u>ગોઠવણી ત્રીજી:-</u> કાક, કાફ, કામુ, કાદૂ.

<u>ગોઠવણી ચોથી:-</u> તીમ, સીમ, ધૂમ, ચીમ.

કસોટી પૂરી થઈ. હવે કસોટી ૩૧મી લઈએ.

## કસોટી - ૩૧.

આ કસોટીમાં પણ તમારે જુદો પડતો શબ્દ શોધી કાઢવાનો છે. તમારા ઉત્તરપત્રમાં આવેલી હાર પહેલી વાંચો. દાર, નાર, બાર, ઉર, કયો શબ્દ જુદો પડે છે? <u>ઉર</u>. હવે બીજી હાર વાંચો.

<u>હાર બીજી:-</u> રંગત, જંગલ, તરંગ, પંગત, ગોઠવણી

બીજીમાં "તરંગ" સિવાયના શબ્દોના પહેલા અક્ષર ઉપર અનુસ્વાર એટલે કે મીંડું છે. જ્યારે "તરંગ" શબ્દમાં વચ્ચેના

અક્ષર ઉપર અનુસ્વાર એટલે કે મીંડું છે. માટે "તરંગ" શબ્દ જુદો પડે છે.

હવે, તમે જાતે ગોઠવણી ત્રણ અને ચાર સાંભળીને શબ્દ શોધો અને તેની સામે રાખેલી ખાલી જગ્યા ઉપર શબ્દ લખો. તૈયાર ? સાંભળો.

<u>ગોઠવણી ત્રીજી:-</u>

ભજવવું, ભટકવું, ભભડવું, ભરતિયું.

ગોઠવણી ચોથી સાંભળો.

<u>ગોઠવણી ચોથી:-</u>

ભારણ, મારણ, નિવારણ, કારણ.

ગોઠવણી ત્રીજીમાં "ભરતિયું" શબ્દ લખવો જોઇએ. અને ગોઠવણી ચોથીમાં "નિવારણ" શબ્દ લખવો જોઇએ. હવે કામ કેમ કરવું તે બરાબર સમજાયું ને ? હવે આવી ગોઠવણીઓ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>ગોઠવણી પહેલી:-</u> નિખાલસ, નિવારણ, નિમિતાલ, નિજાનંદ.

ગોઠવણી બીજી:- પાયલ, કોયલ, પાયલ, છાયલ.

ગોઠવણી ત્રીજી:- રૂંગ, ચંગ, પગ, જંગ,

ગોઠવણી ચોથી સાંભળો.

ગોઠવણી ચોથી:- મેધ, મેદ, મોભ, મેળ.

કસોટી ૩૧મી પૂરી થઇ. ઉત્તરપત્ર ઊંધું મૂકો. હવે આપણે કસોટી ૨૦મી કરવાની છે. તેમાં તમને કુલ ચાર વાકયો એકી સાથે સંભળાવવામાં આવશે. ત્યારપછી તે વાકયોના શબ્દો તમે કેટલા યાદ રાખી શકો છો, તે જાણવા માટે તે ચાર વાકયોમાં ખાલી જગ્યા રાખીને તમારા ઉત્તરપત્રમાં છાપ્યા છે. વાકયો સાંભળીને તરતજ ખાલી જગ્યા પૂરવાની છે. એ વાકયો તમને જે ક્રમમાં સંભળાવ્યા હશે તે ક્રમમાં નહિ હોય. આ કામ કઇ રીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. એ માટે ત્રણ વાકયો તમને સંભળાવાશે. પેન્સિલ નીચે મૂકીને વાકયો સાંભળો.

વાકય પહેલું :- તમે કદી પર્વત ચડયા છો ?

વાકય બીજું:- રેડિયોના સંદેશા બધેજ પહોંચી શકે છે.

વાકય ત્રીજું:- લંડન મોટું શહેર છે.

વાકયો સાંભળ્યાને ? હવે મહાવરામાં આપેલા ત્રણ વાકયોની ખાલી જગ્યા પૂરો.

--- વાકય પહેલામાં "લંડન" શબ્દ આવે.

વાકય બીજાની ખાલી જગ્યામાં "કાદી" શબ્દ આવે. અને વાકય ત્રીમાં ખાલી જગ્યામાં પહોંચી શબ્દ આવે.

હવે તમારે કેવીરીતે કામ કરવાનું છે તે સમજાઇ ગયું હશે. ઉત્તરપત્ર કરીથી લેઇ મૂકો. અને વાકયો સાંભળવા તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>વા. ૧:-</u> માનવીને લીધે વિજ્ઞાનનો વિકાસ થયો છે.

<u>વા. ૨ :-</u> રમેશના ઘરનો રંગ લીલો છે.

<u>વા. ૩:-</u> કૂતરા પણ સાંભળી શકે છે.

<u>વા. ૪:-</u> તમે રાત્રે કયારે સૂઓ છો ?

હવે આ વાકયોની ખાલી જગ્યા પૂરો.

કસોટી ૨૦મી પૂરી થઇ. હવે કસોટી ૧૪મી લઇએ.

<u>કસોટી - ૧૪.</u>

આ કસોટીમાં તમારે જુદા પ્રકારનું કામ કરવાનું છે. તમે સાંભળવામાં કેટલું ધ્યાન આપી શકો છો. તે જાણવા માટે તમને ત્રણ ત્રણ આંકડાના કુલ ચાર ઝૂમખાં એક પછી એક સંભળાવાશે. તેમાં જયારે ઝૂમખાનો પહેલો આંકડો સૌથી મોટો હોય અને છેલ્લો આંકડો સૌથી નાનો હોય <u>અથવા તો</u>

જયારે ઝૂમખામાં પહેલો આંકડો સૌથી નાનો હોય અને છેલ્લો આંકડો સૌથી મોટો હોય તો તમારે ખરાની ✔ નિશાની કરવાની છે. એ સિવાયનાં બધાં ઝૂમખાં સામે ચોકડી ✘ કરવાની છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. તે માટે ઝૂમખું પહેલું સાંભળવા તૈયાર થાઓ.

<u>ઝૂમખું પહેલું</u> :- ૪ - ૩ - ૧ આ ઝૂમખામાં પહેલો આંકડો સૌથી મોટો છે? હા. ચારનો છે. છેલ્લો આંકડો સૌથી નાનો છે? હા, સૌથી નાનો છે. તો ઝૂમખા "ક" સામે તમારા ઉત્તરપત્રમાં રાખેલી ખાલી જગ્યા પર કેવી નિશાની મૂકશો? ✔ ખરાની ખરું ને?

નિશાની મૂકો. હવે ઝૂમખું બીજું સાંભળો.

<u>ઝૂમખું ૨:-</u> ૧૦ - ૫ - ૭ આ ઝૂમખામાં પહેલો આંકડો સૌથી મોટો છે? હા. અને છેલ્લો આંકડો સૌથી નાનો છે? ના. તે ઝૂમખા "ખ" સામે રાખેલી ખાલી જગ્યા પર કેવી નિશાની કરવી જોઈએ. ચોકડી ✘ ની.

- હવે તમારે બે ઝૂમખાં સાંભળીને જાતે નિશાની મૂકવાની છે. તે માટે તમને બે ઝૂમખાં સંભળાવાશે. ઝૂમખું પહેલું સાંભળો.

<u>ઝૂમખું ૧:-</u> ૯ - ૬ - ૧ હવે ઝૂમખું બીજું સાંભળો.

<u>ઝૂમખું ૨:-</u> ૨ - ૫ - ૧૧

આ બંને ઝૂમણાં માટે સાચાની નિશાની એટલે કે ખરાની નિશાની મૂકવાની છે. હવે કામ કેમ કરવાનું છે તે તમને સમજાયું હશે. આવાં ચાર ઝૂમણાં સંભળાવાશે. સાંભળતા જાઓ અને નિશાની મૂકતા જાઓ. ઝૂમણું સાંભળવા તૈયાર ? સાંભળો.

ઝૂમણું પહેલું :- ૬ - ૩ - ૫

ઝૂમણું બીજું :- ૧૦ - ૧ - ૩

ઝૂમણું ત્રીજું:- ૬ - ૨ - ૫

ઝૂમણું ચોથું:- ૭ - ૩ - ૧

કસોટી ચૌદમી પૂરી થઈ. હવે કસોટી ૧૫મી લઈએ.

આ કસોટીમાં પણ તમે કેટલી સારી રીતે સાંભળીને સમજી શકો છો તે સમજવાનો પ્રયાસ છે. આ કસોટીમાં પણ તમારે સાચાની, મીંડાની અને ખોટાની નિશાની મૂકવાની છે. તે માટે તમને સ્વર અને વ્યંજન ભેગાં કરીને એક પછી એક સંભળાવાશે. તમને ખબર છે કે અ - આ - ઇ - ઉ - એ - ઐ - ઓ - ઔ સ્વરો છે. અને કખગઘ - પફબભ - યરલવ વિગેરે બધા વ્યંજનો છે. જયારે સ્વર પછી વ્યંજન બોલાય ત્યારે ✓ ખરાની નિશાની મૂકવાની છે. અને જયારે વ્યંજન પછી સ્વર બોલાય ત્યારે મીંડાની એટલે કે ઝીરોની નિશાની મૂકવાની છે. અને જયારે સ્વર પછી સ્વર અથવા વ્યંજન પછી વ્યંજન બોલાય ત્યારે ચોકડીની નિશાની મૂકવાની છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. તમારા

ઉત્તર પત્રમાં કસોટી પંદરમાં મહાવરા માટે લીસ્ટ "ક" છાપ્યું છે. તે વાંચો તેમાં આંકડા ૧ - ૨ - ૩ - ૪ સામે અ - ક - ઇ - ળ - અનુક્રમે લખેલા છે. તેમાં પહેલો અક્ષર "અ" છે. અને તે પછી "ક" આવેલો છે. "અ" એ સ્વર છે. અને "ક" એ વ્યંજન છે. જો સ્વર પછી વ્યંજન આવે તો કઇ નિશાની મૂકવાની છે. ખરાની ખરું ને ? તો અક્ષર "ગ" ની સામે રાખેલ ખાલી જગ્યા ઉપર ખરાની નિશાની મૂકો. વ્યંજન "ક" પછી "ઇ" એટલે કે સ્વર આવેલો છે. વ્યંજન પછી સ્વર આવે તો કઇ નિશાની મૂકવી જોઇએ ? મીંડાની ખરું ને ? મૂકો. સ્વર "ઇ" પછી "ળ" આવેલો છે તે વ્યંજન છે. સ્વર પછી વ્યંજન આવે તો કઇ નિશાની મૂકવાની છે. ખરાની. તો "ળ" સામેની ખાલી જગ્યા ઉપર ખરાની નિશાની મૂકો. હવે લીસ્ટ "ખ" તમારે મહાવરો માટે જાતે કરવાનું છે. લીસ્ટ "ખ" ના અક્ષરો સાંભળતા જાઓ અને તરતજ નિશાનીઓ મૂકતા જાઓ. તમને પહેલો અક્ષર સંભળાવાય ત્યારે કશીજ નિશાની મૂકવાની નથી. પરંતુ બીજો અક્ષર સંભળાવાય પછી આંકડા એકની સામે પછી આંકડા બેની સામે એ રીતે નિશાની મૂકતા જજો. અક્ષરો સાંભળવા તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો. યાદ રાખો કે આ નિશાનીઓ લીસ્ટ "ખ" સામે રાખેલ જગ્યા ઉપર મૂકવાની છે.

<u>લીસ્ટ - ખ</u> :- ક - ખ . નિશાની મૂકો એક - ૫ - ૨

અહીં કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું ને ?

લીસ્ટ "ખ" માં આંકડા १ સામે X
२ સામે ०
३ સામે ✓
४ સામે X ની નિશાની હોય

તો તે જવાબો સાચા ગણાય. હવે સાચી કસોટી શરૂ થશે. તેની નિશાનીઓ લીસ્ટ – "ગ" – સામે રાખેલી ખાલી જગ્યા ઉપર મૂકવાની છે. લીસ્ટ "ગ" ના અક્ષરો સાંભળવા તૈયાર ? સાંભળો.

લીસ્ટ "ગ" :– ઇ –
ઓ –
પ –
દ –
૮ –

કસોટી १५મી પૂરી થઇ. હવે કસોટી १६મી લઇએ.

## કસોટી – १६

આ કસોટીમાં પણ તમે સાંભળવામાં કેટલું ધ્યાન રાખી શકો છો તે જાણવાના હેતુથી તમને આંકડા १–२–३–४ અને ५–ની અદલાબદલી કરવાનું કહેવામાં આવશે. આ અદલાબદલી કેવી રીતે કરવાની છે તે સમજાશે. તમારા ઉત્તરપત્રમાં આપેલી સૂચના વાંચો. તેમાં આંકડા २ અને ३ ની અદલા બદલી કરી નવો ક્રમ લખો તેમ કરવાનું કહ્યું છે જો સૂચના પ્રમાણે અદલા બદલી કરીએ તો આંકડા २ ને ३ની જગ્યાએ મૂકવો જોઇએ. તે પ્રમાણે આ પાંચેય

આંકડાની નવી ગોઠવણી, નવો ક્રમ ૧, ૩, ૨, ૪, ૫ થશે. આ સૂચનામાં આંકડા ૨ અને ૩ નેજ બદલવાનું કહેવામાં આવ્યું હતું. તેથી તેજ આંકડામાં બદલ્યા છે બાકીના આંકડા ત્યાંને ત્યાંજ રહે છે. હવે સૂચના બીજી અને ત્રીજી પ્રમાણે તમારે જાતે અદલાબદલી કરવાની છે. તે મહાવરો જ છે.

સૂચના બીજી પ્રમાણેનો નવો ક્રમ આંકડા બે સામે રાખેલી ખાલી જગ્યામાં અને સૂચના ત્રીજીનો નવો ક્રમ આંકડા ત્રણની સામે રાખેલી ખાલી જગ્યામાં મહાવરામાં લીટીની ઉપર લખવાનો છે.

<u>સૂચના બીજી</u> :- આંકડા ત્રણ અને પાંચની અદલાબદલી કરો અને નવો ક્રમ લખો.

<u>સૂચના ત્રીજી</u>:- આંકડા પાંચને ત્રીજા આંકડા પછી મૂકો અને નવો ક્રમ લખો.

સૂચના બીજી પ્રમાણેનો નવો ક્રમ ૧ – ૨ – ૫ – ૪ – ૩ થશે અને ત્રીજીનો નવો ક્રમ ૧ – ૨ – ૫ – ૩ – ૪ થશે. સૂચનામાં બદલવાના કહેલા અથવા બીજે સ્થળે લખવાના કહ્યા હોય તે આંકડા બદલો.

હવે સાચી કસોટી શરૂ થાય છે. આ માટે સૂચના પહેલી સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>સૂચના પહેલી</u> :- આંકડા ૧ અને ૫ ની બદલા બદલી કરો અને નવો ક્રમ લખો.

<u>સૂચના બીજી</u> :- આંકડા ૩ અને ૧ની બદલા બદલી કરો અને નવો ક્રમ લખો.

<u>સૂચના ત્રીજી</u> :- આંકડા ૩ અને ૪ ની અદલાબદલી કરો અને નવો ક્રમ લખો.

<u>સૂચના ચોથી</u> :- આંકડા ૩ની પહેલા આંકડા ૪ અને ૫ મૂકો અને નવો ક્રમ લખો.

કસોટી ૧૬મી પૂરી થઈ. હવે કસોટી ૧૭મી લઈએ.

## ક સો ટી - ૧૭.

આ કસોટીમાં પણ તમે સાંભળવામાં કેટલું ધ્યાન આપી શકો છો તે સમજવાનો પ્રયાસ છે. તેમાં તમને પહેલાં એક શબ્દ સંભળાવાશે. ત્યારબાદ બે વાકયો સંભળાવાશે. તમારે તે બે વાકયોમાંથી જે વાકયમાં તમને સંભળાવાયેલો શબ્દ વપરાયો છે તે શોધી કાઢવાનું છે અને વાકયો સામેના અક્ષર " અ " કે " બ " ફરતું કૂંડાળું કરવાનું છે. તે માટે મહાવરો કરીએ. મહાવરા માટેનો શબ્દ સાંભળવા તૈયાર રહો. શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો.

ચો રી

હવે વાકયો સાંભળો.

વાકય - અ : "ચોરી કરવી તે પાપ છે."

વાકય - બ : "કન્યાને ચોરીમાં પધરાવો."

તમને સંભળાયેલો શબ્દ કયાં વાકયમાં તમે સાંભળ્યો ? વાકય "અ" માં કે વાકય "બ"માં ? બંને શબ્દમાંથી એક શબ્દનો ઉચ્ચાર સાંકડો અને બીજાનો પહોળો છે. તમને સંભળાવાયેલા શબ્દનો ઉચ્ચાર સાંકડો હતો અને તે વાકય" અ" માં સંભળાવાયો હતો. માટે તમારે મહાવરામાં આપેલા આંકડા ૧ની સામે છાપેલા "અ"ની ફરતું કૂંડાળું કરવું જોઇએ. સાંકડા ઉચ્ચારવાળા શબ્દનો અર્થ ચોરી એટલેકે લઇ લેવું તેમથાય, જયારે"ચૉરી" શબ્દનો અર્થ વર-કન્યા ફેરા ફરે તે સ્થળ તેવો થાય.

હવે બીજું ઉદાહરણ લઇએ. સાંભળવા તૈયાર ? સાંભળો.

શબ્દ બીજો - ઇમાન - હવે વાકયો સાંભળો.

વાકય "અ" - ઇનામ પ્રથા નુકસાનકારક છે.

વાકય "બ" - ઇમાન દરેક વ્યક્તિમાં જોઇએ. જવાબ લખો.

કયા વાકયમાં શબ્દ સાંભળ્યો ? "બ"માં ખરૂંને ?

હવે તમારે કુલ ચાર શબ્દો આ રીતે શોધવાના છે. અહીં

અહીં હવે સાચી કસોટી શરૂ થાય છે. જવાબ ઢાંકવાનું ભૂલશો નહિ.
શબ્દ સાંભળો. તૈયાર ? સાંભળો.

જોડી પહેલી  શબ્દ સાંભળો  અબજ.

વાકય -અ:- આ દુનિયા પર અજબ લોકો વસે છે.
વાકય- બ:- આ દુનિયા પર અબજ લોકો વસે છે. જવાબ લખો.

જોડ બીજી  શબ્દ સાંભળો  પાની.
વાકય- અ:- પૂરને કારણે ખૂબ પાણી આવ્યું.
વાકય- બ:- તેની પાની કેવી ગુલાબી છે ? જવાબ લખો.

જોડ ત્રીજી  શબ્દ સાંભળો.  સાપ.
વાકય- અ:- અગાઉ ઋષિઓ બહુ શાપ આપતા.
વાકય- બ:- બધા સાપ હાનિ કરે નહિ. જવાબ લખો.

જોડી ચોથી  શબ્દ સાંભળો  ડામ.
વાકય- અ:- ભૂવા લોકો શરીરે ડામ આપે છે.
વાકય- બ:- આ મકાનનાં દામ ઘણાં છે. જવાબ લખો.

કસોટી ૧૭મી પૂરી થઇ. હવે કસોટી ૧૮મી લઇએ.

## ક સો ટી ૧૮

આ કસોટીમાં તમારે એક વાકય સાંભળવાનું છે. અને સાંભળીને તરતજ લખી નાખવાનું છે. તે માટે મહાવરો કરીએ. આ માટે તમને એક વાકય સંભળાવાશે. સાંભળવા તૈયાર ? સાંભળો.

વાકય પહેલું :- આજકાલ જરાપણ ઠંડી પડતી નથી. વાકય લખો.

કામ કેવીરીતે કરવાનું છે તે સમજાયું ને? હવે સાચી કસોટી શરૂ થાય છે. તેમાં આ રીતે ચાર વાકયો લખવાનાં છે. સાંભળવા તૈયાર ? સાંભળો. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો. જવાબો ઢાંકવાનું ભૂલશો નહિ. સાંભળો.

વાકય પહેલું :- કાબરનું ચિત્ર સરસ થાય છે.

<u>વાકય બીજું:-</u> અરે રામ ! આપણે કેવાં ઠરી ગયા ?
<u>વાકય ત્રીજું:-</u> ભરત ખૂબ દૂર રહે છે.
<u>વાકય ચોથું:-</u> તેની તબિયત જરાપણ સારી નથી.

કસોટી ૧૮મી પૂરી થઇ. હવે કસોટી ૧૯મી લઇએ.

## કસોટી ૧૯

આ કસોટીમાં પણ તમારે વાકયો લખવાનાં છે. પણ જરા જુદી રીતે યાદ કરીને લખવાનાં છે. તેમાં તમને બે વાકયો એક સાથે સંભળાવાશે. તેમાંથી જયારે પહેલું વાકય ટેઇપરેકર્ડર પરથી સંભળાવાય ત્યારે તેની સાથેનું બીજું બોલાયેલું વાકય યાદ કરીને તમારે લખવાનું છે. આ માટે આપણે મહાવરો કરીએ. મહાવરા માટે તમને બે વાકયોની ત્રણ જોડ (એટલેકે કુલ છ જોડ) સંભળાવાશે. તે ધ્યાન દઇને સાંભળો અને યાદ રાખો. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો અને તમારું ઉત્તરપત્ર બંધ કરો.

જોડ પહેલી    વાકય પહેલું:- એસ. ટી.નીબસ રસ્તા વચ્ચે ખોટવાઇ.
              વાકય બીજું:- મુસાફરોને પાણી પીવા ન મળ્યું.

જોડ બીજી     વાકય પહેલું:- ગિરધરલાલ ઉપરથી પડયા.
              વાકય બીજું:- તેઓ તરતજ બેભાન થઇ ગયા.

જોડ ત્રીજી    વાકય પહેલું:- રાત્રે મોડે સુધી ખબ વાંચ્યું.
              વાકય બીજું:- બીજે દિવસે સવારે મોડું ઉઠાયું.

હવે આ ત્રણેય જોડનું પહેલું પહેલું વાકય આડાઅવળાં ક્રમમાં તમને સંભળાવાશે. તમારે તેની સાથેનું વાકય યાદ કરીને લખતા જવાનું છે. યાદ રાખો કે અહીંથી બોલાયેલું વાકય લખવાનું નથી પણ તેની સાથે બોલાયેલું વાકય યાદ કરીને લખવાનું છે. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.

વાક્ય પહેલું:-

"ગિરધરલાલ ઊંચેથી પડયા." લખો. તેની સાથે કેવું વાક્ય બોલાયું હતું ? "તેઓ" તરત બેભાન થઈ ગયા" ખરું ને? તે વાક્ય આંકડા ૧ની સામે રાખેલી ખાલી જગ્યામાં લખો. હવે સમજ પડી ને ? હવે જાતે વાક્યો લખતા જવાનાં છે. હવે વાક્ય બીજું સાંભળો અને તેની સાથેનું વાક્ય યાદ કરીને લખો.

વાક્ય બીજું:- રાત્રે મોડે સુધી ખૂબ વાંચ્યું.

વાક્ય ત્રીજું:- એસ. ટી. ની બસ રસ્તા વચ્ચે ખોટવાઈ.

હવે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું હશે. તમારે આ રીતે ચાર વાક્યો લખવાના છે. આ ચારેય વાક્યનો દરેક શબ્દ જેમનો તેમ યાદ ન રહે તો તે વાક્યમાં કરેલી વાતનો અર્થ આવી જાય તેવું વાક્ય લખો તો પણ ચાલે. ઉદાહરણ તરીકે મહાવરા માટે પહેલાના વાક્યમાં "તેઓ તરતજ બેભાન થઈ ગયા." તેવું લખવાને બદલે તેઓનું ભાન ગયું તેવું લખો તો પણ ચાલે. વાક્ય ૨જામાં "બીજે દિવસે સવારે મોડું ઉઠાયું" લખવાને બદલે બીજે દિવસે સવારે વહેલું ન ઉઠાયું; અથવા તો ઉતરવામાં મોડું થયું તેવું લખો તો પણ ચાલે તેવું ત્રીજામાં મુસાફરો તરસ્યા રહ્યા તેમ લખીએ તો ચાલે. બરાબર સમજાયું ? હવે આવી કસોટી શરૂ થાય છે. તે માટેની ચારથી વાક્યો સાંભળવા તૈયાર રહો. પેન્સીલ નીચે મૂકો. ઉત્તરપત્ર બંધ કરો. સાંભળવા તૈયાર ? સાંભળો.

જોડ પહેલી:-

વાકય પહેલું :- ગામ ફરતાં પૂરનાં પાણી ખૂબ ચડયાં.

વાકય બીજું :- લોકો ઘણા દિવસ ભૂખ્યા રહ્યા.

જોડ બીજી:-

વાકય પહેલું :- લાંબો ભરત નવી શાળામાં દાખલ થયો.

વાકય બીજું :- શાળાના છોકરાઓ તેને ખીજવ્યો.

જોડ ત્રીજી:-

વાકય પહેલું:- રમાને તેની માએ ઠપકો આપ્યો.

વાકય બીજું:- સાંજે તે જમી નહીં.

જોડ ચોથી:-

વાકય પહેલું:- એક માણસે છોકરીની છેડતી કરી.

વાકય બીજું:- લોકોએ તેને પકડીને પોલિસને હવાલે કર્યો.

વાકયની જોડ સાંભળીને । હવે તેમનું પહેલું પહેલું વાકય આડાઅવળા ક્રમમાં બોલાશે તમારે તેની સામે બોલાયેલું વાકય યાદ કરીને લખતા જવાનું છે. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.

વાકય પહેલું :- રમાને તેની બાએ ઠપકો આપ્યો. જવાબ ઢાંકો.
વાકય બીજું :- લાંબો ભરત નવી શાળામાં દાખલ થયો. જવાબ ઢાંકો.
વાકય ત્રીજું :- એક માણસે છોકરીની છેડતી કરી. જવાબ ઢાંકો.
વાકય ચોથું :- ગામ ફરતાં પૂરનાં પાણી ખૂબ ચડયાં.

હવે કસોટી ૨૨-મી લઇએ.

## કસોટી ૨૨મી.

હવે કસોટી ૨૨મી લઇએ. આ કસોટીમાં તમે ૧૯મી કસોટીમાં જેમ સાથે બોલાયેલા વાકયમાંથી એક વાકય યાદ કરીને લખતા હતા તેજ રીતે બે સાથે બોલાયેલા શબ્દમાંથી એક શબ્દ તમારે લખવાનો છે.

આ માટે આપણે મહાવરો કરીએ. મહાવરા માટે તમને બબ્બે શબ્દોની ત્રણ જોડ એક સાથે સંભળાવાશે. તે ધ્યાન દઇને સાંભળો અને યાદ રાખો. જોડ સાંભળવા તૈયાર? સાંભળો.

જોડ પહેલી:- છત્રી - ઝાડ.

જોડ બીજી:- રમત - વાઘ

જોડ ત્રીજી:- માણસ - સોનું.

હવે આ જોડીઓનો કોઇપણ પહેલો શબ્દ તમને સંભળાવાશે. શબ્દ સાંભળો. "રમત"- કયો શબ્દ લખવો જોઇએ? "વાઘ" મહાવરામાં આવેલી આંકડા ૧ સામેની ખાલી જગ્યામાં "વાઘ" લખો.

જોડ બીજી સાંભળો. શબ્દ સાંભળો છત્રી :- કયો શબ્દ આવશે? "ઝાડ" આંકડા ૨-ની સામે લખો.

જોડ ત્રીજી :- "માણસ", "સોનું" શબ્દ આંકડાની ૩-ની સામે લખવો જોઇએ. કામ કેમકરવાનું છે તે સમજાયું ને? હવે

સાચી કસોટી શરૂ થાય છે તે માટે શબ્દ જૂથ સાંભળવા તૈયાર થાઓ, સાંભળો:- પેન્સિલ નીચે મૂકો.

હવે તમારે આવા ચાર જૂથના શબ્દો લખવાના છે. જૂથ પહેલાની ત્રણ જોડીઓ સાંભળવા તૈયાર ? સાંભળો. પેન્સિલ નીચે મૂકો:-

જૂથ પહેલું :-

જોડ પહેલી :- નરમ - બાતક.

જોડ બીજી :- રમત - બળદ.

જોડ ત્રીજી :- વચન - ભારત.

હવે આ જોડીઓનો પહેલો પહેલો શબ્દ તમને સંભળાવાશે. શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો.

શબ્દ પહેલો :- વચન.

શબ્દ બીજો:- નરમ.

શબ્દ ત્રીજો:- રમત.

જૂથ બીજું :-

જોડી પહેલી :- ગરદી - રાખડી.

જોડ બીજી :- પેન્સિલ - તરત.

જોડ ત્રીજી :- રસ્તો - મગન.

હવે પેન્સીલ હાથમાં લ્યો. અને શબ્દ સાંભળવા તૈયાર રહો.

<u>શબ્દ પહેલો :-</u> શરદી.

<u>શબ્દ બીજો :-</u> રસ્તો.

<u>શબ્દ ત્રીજો :-</u> પેન્સીલ.

<u>પેન્સીલ નીચે મૂકો.</u> હવે જૂથ ૩જું સાંભળવા તૈયાર રહો.

<u>જૂથ ૩જું:-</u>

<u>જોડ પહેલી</u> :- કાળું - દુઃખ

<u>જોડ બીજી</u> :- ધીરજ - શહેર.

<u>જોડ ત્રીજી</u> :- અનાજ - ચાલાક.

હવે પેન્સીલ હાથમાં લ્યો.

<u>જૂથ ૩જું:-</u>

શબ્દ પહેલો :- ધી ર જ.

શબ્દ બીજો :- કા ળુ.

શબ્દ ત્રીજો :- અનાજ.

હવે જૂથ ચોથું સાંભળવા તૈયાર રહો. પેન્સીલ નીચે મૂકો.

જૂથ ચોથું:-

જોડી પહેલી :- સાડી - ગામ.

જોડી બીજી :- ઘર - પેન.

જોડ ત્રીજી :- રંગ - પેન.

હવે પેન્સલ હાથમાં લ્યો.

જૂથ ચોથું :-

શબ્દ ૧લો:- સાડી.

શબ્દ ૨જો:- રંગ.

શબ્દ ૩જો:- ઘર.

કસોટી ૨૨મી પૂરી થઇ.

હવે કસોટી ૨૩મી લઇએ.

## કસોટી ૨૩મી.

સૂચના:- કસોટી ૨૨મીમાં કર્યું તેજ પ્રકારનું કામ અહીં કરવાનું છે. ફેર એટલો કે કસોટી ૨૨મીમાં બે શબ્દોની જોડ સંભળાવાતી હતી, અહીં એક શબ્દ અને એક આંકડાની જોડ સંભળાવવામાં આવશે. તમારે તેમાંથી આંકડો યાદ કરીને લખવાનો છે. આ માટે આપણે મહાવરો કરીએ તે માટે ત્રણ જોડીનું જૂથ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

હવે સાંભળો

જોડી ૧લી લોકો - ૧૬ શબ્દ પહેલો પડદો.

જોડી ૨જી વાદળ - ૩૫      શબ્દ બીજો લોકો.

જોડ ૩જી પડદો - ૧૯      શબ્દ ત્રીજો વાદળ.

હવે તમને આ ત્રણ જોડીઓમાંથી પહેલો -- પહેલો શબ્દ સંભળાવાય તેની સાથેનો આંકડો યાદ કરીને લખતા જવાનો છે. હવે શબ્દ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

શબ્દ પહેલો પડદો - અહીં કયો આંકડો લખવો જોઇએ ? ૧૯નો ખરું ને ? શબ્દ બીજો લોકો. અહીં કયો આંકડો આવે ? ૧૬નો ખરું ને ? હવે શબ્દ ૩જો સાંભળો - વાદળ. ૩૫નો આંકડો આવે ખરું ને ? હવે કામ કેમ કરવું તે તમને બરાબર સમજાયું હશે ? હવે સાચી કસોટી શરૂ થશે. આ માટેની જોડીઓ સાંભળવા તૈયાર રહો. પેન્સિલ નીચે મૂકો.

હવે આવતાં કુલ ૪ જૂથ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>જૂથ પહેલું :-</u> જોડ પહેલી :- આગ - ૧૦.

જોડી બીજી :- ચિત્ર - ૨.

જોડ ત્રીજી :- બસ - ૧૭.

હવે પેન્સિલ હાથમાં લ્યો.

શબ્દ પહેલો - આગ

શબ્દ બીજો - બસ.

શબ્દ ત્રીજો - ચત્ર.

પેન્સિલ નીચે મૂકો.

<u>જૂથ બીજું:-</u>

જોડી ૧લી :- દૂધ - ૧૯

જોડી ૨જી :- શબ્દ ચ ૨૧

જોડી ૩જી :- બસ - ૪૭

હવે પેન્સીલ હાથમાં લ્યો. શબ્દ પહેલો સાંભળવા તૈયાર રહો.

શબ્દ પહેલો :- બસ

શબ્દ બીજો:- દૂધ

શબ્દ ત્રીજો :- શબ્દ . હવે પેન્સીલ નીચે મૂકો.

<u>જૂથ ત્રીજું:-</u>

જોડ ૧લી રસ્તો - ६८

જોડ ૨જી પ્યાલો - ૩૧

જોડ ૩જી ખુરશી - ७૯ હવે પેન્સીલ હાથમાં લ્યો.

<u>જૂથ ત્રીજું:-</u>

શબ્દ ૧ - ખુરશી.

શબ્દ ૨ - પ્યાલો.

શબ્દ ૩ - રસ્તો.

હવે જૂથ ચોથું સાંભળવા તૈયાર રહો. પેન્સીલ નીચે મૂકો.

<u>જૂથ ચોથું:-</u> જોડ પહેલી :- શીશી - ૩

જોડ બીજી :- પેન - ૧૧

જોડ ત્રીજી :- સિક્કો - ७

હવે પેન્સિલ હાથમાં લ્યો.

<u>જૂથ ચોથું:-</u>

શબ્દ ૧લો:- પેન.
શબ્દ ૨જો:- શીશી.
શબ્દ ૩જો:- સિક્કો.

કસોટી ૨૩મી પૂરી થઇ. હવે કસોટી ૨૪મી લઇએ.

<u>કસોટી ૨૪મી.</u>

હવે કસોટી ૨૪મી લઇએ. આ કસોટીમાં તમને કેટલાક અક્ષરોની હાર સંભળાવવામાં આવશે. તે અક્ષરો બોલી દેવાયા પછી તમારે તે અક્ષરો જેમ છે તેમ ~~[illegible]~~ હારમાં લખી નાખવાના છે. જ્યારે આ અક્ષરોની હાર સંભળાવવામાં આવે ત્યારે પેન્સિલ નીચે મૂકી દેવાની છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે આપણે મહાવરો કરીએ છીએ. આ માટે અક્ષરોની એક હાર સાંભળો. હાર સાંભળવા તૈયાર ? સાંભળો.

આ હાર તમારે આંકડા ૧ની સામે લખવાની છે. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>હાર પહેલી :-</u> પ ઉ દ જ.

<u>હાર બીજી :-</u> સાંભળો . વ લ ગ ઓ ઇ.

હવે તમને સમજાઇ ગયું હશે કે અક્ષરોની હાર કેવીરીતે બોલાશે, અને તમારે તે કેવી રીતે લખવાનું છે. આ હાર પીંસીવામે

મોટી થતી જશે. યાદ રાખો કે જ્યારે ટેઇપ રેકર્ડર પર કાંઇ બોલાતું હોય ત્યારે તમારે કશુંજ લખવાનું નથી. પેન્સિલ નીચે મૂકી દેવાની છે. હવે હાર સાંભળવા તૈયાર રહો. હાર સાંભળવા તૈયાર ? સાંભળો.

હાર પહેલી :- અ ખ ર છ ચં

હાર બીજી :- ટ પી જ પી મ

હાર ત્રીજી :- ત આ પ્ર આ ક

હાર ચોથી:- એ જ ઉ જ ય ર.

## કસોટી ૨૧

હવે તમને ફરીથી બીજાં ચાર વાક્યો સંભળાવાશે. તે તમારે તેની પણ ખાલી જગ્યા પૂરવાની છે. પરંતુ ખાલી જગ્યા પૂરતાં પહેલાં તમારે એક બીજું કાર્ય કરવાનું છે. એ કાર્ય કર્યા પછી તમારે ક્યારે એ ખાલી જગ્યા પૂરવાની છે એની સૂચના તમને હવે પછી અપાશે. પહેલાં વાક્યો સાંભળવા તૈયાર રહો. વાક્ય સાંભળવા તૈયાર ? સાંભળો.

વા. ૧લું :- આજકાલ નોકરી મળવી મુશ્કેલ છે.

વા. ૨જું:- બધાં સરખાં હોતાં નથી.

વા. ૩જું:- ઘડિયાળમાં ટકોરા પડયા.

<u>વા. ૪થું:-</u> કેવું સરસ લીલું છમ ઘાસ છે.

હવે તમને કસોટી ૨૫માં કુલ ચાર શબ્દો સંભળાવાશે.

તમારે તે શબ્દો સાંભળ્યા પછી લખી લેવાના છે. આ શબ્દો દરરોજ બોલાય છે તેમ બોલાયા નહીં હોય પરંતુ તેનો દરેક અક્ષર છૂટો પાડીને બોલાયો હશે. તમારે તેને સાંભળ્યા પછી લખી લેવાનો છે. આ માટે આપણી પાસે મહાવરો કરીએ. શબ્દ પહેલો શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો. અને લખો.

<u>શબ્દ પહેલો:-</u> સાં..ભ.. ળ.. વું.

<u>શબ્દ બીજો:-</u> ભા.. ર.. ત.. થી.

હવે તમને શબ્દ કેવી રીતે બોલાશે અને તમારે તે કેવી રીતે લખવાનો છે. તે સમજાયું હશે. હવે ચાર શબ્દો સાંભળીને લખવા માટે તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>શબ્દ ૧લો:-</u> કૌ... શિ... ક.

<u>શબ્દ ૨જો:-</u> છા... પે... લું.

<u>શબ્દ ૩જો:-</u> દૃ... ષ્ટ.

<u>શબ્દ ૪થો:-</u> બે... હા... લ.

હવે તમને પછીનાં પાના પર આપેલી ખાલી જગ્યા પૂરો.

---

હવે કસોટી ૨૧મી પૂરી થઈ.

## ક સો ટી ૨૬મી.

આ કસોટીમાં તમારે કેટલીક કાવ્ય પંક્તિઓ લખી નાખવાની છે. એ કાવ્ય પંક્તિના શબ્દો જેવા અહીંથી બોલાયા હોય તેવાજ લખવાના છે. માટે ધ્યાન દઈને કાવ્ય પંક્તિઓ સાંભળજો અને પછી લખી નાખજો. આ કાવ્ય પંક્તિઓ કેવી રીતે બોલાશે અને તમારે કેવી રીતે લખવાની છે અને તમને કેટલો સમય મળશે તે માટે આપણે મહાવરો કરીશું.

કાવ્ય પંક્તિ પહેલી સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

કાવ્ય પંક્તિ ૧લી:-

૧લી:- મારે તે ગામડે એકવાર આવજો.

૨જી:- વસંત આવે હસતી રમતી.

કાવ્ય પંક્તિઓ કેવીરીતે બોલાશે અને તમને લખવા માટે કેટલો સમય મળશે તેનો ખ્યાલ તમને આવી ગયો હશે. હવે આવી કુલ ચાર કાવ્ય પંક્તિ તમારે સાંભળતા જવાની છે. સાંભળ્યા પછી તમારે લખતા જવાની છે. સાંભળતી વખતે પેન્સીલ નીચે મુકો. સાંભળવા તૈયાર ? સાંભળો.

કાવ્ય પંક્તિ ૧લી:- કૂકૂ કરતી કોયલ બોલે.

કાવ્ય પંક્તિ ૨જી:- મારો છે વાસ ફૂલે ફૂલે.

કાવ્ય પંક્તિ ૩જી:- ચાલોને દોસ્ત સહુ ઘૂમવાને.

કાવ્ય પંક્તિ ૪થી:- વંદે વંદે મા ભારતી, હમારી રે.

હવે કસોટી ૨૭મી લઈએ.

## ક સો ટી ૨૭

આ કસોટીમાં આપણે દરરોજ બોલીએ છીએ તેનાં કરતાં જુદી રીતે બોલાયેલાં વાક્યો તમને સંભળાવાશે. તમારે તે

તે વાકયોને સાંભળીને પછી લખવાનાં છે. સામાન્ય રીતે વાકયોમાં ગમે ત્યાં અટકીને બોલાતું નથી. આ વાકયોમાં ગમે ત્યાં અટકીને બોલાતું હશે. તમારે તે સાંભળવાનું અને પછી લખી નાખવાનું છે. આ માટે આપણે મહાવરો કરીએ. તે માટે એક વાકય સાંભળો. વાકય સાંભળવા તૈયાર ? વાકય સાંભળો. પહેલાં પેન્સિલ નીચે મૂકો. દરેક વાકય સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકજો. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.

—— તે ઘરડા, માણસે મારી, સામે, જોયું!—— લખો.

સામાન્ય રીતે આ વાકય આપણે જે તેવું, રોજ બોલીએ છીએ તેવું બોલીએ તો "તે ઘરડા માણસે મારી સામે જોયું" તેમ બોલવું જોઈએ. હવે તમે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું ને ? હવે આવાં ચાર વાકયો તમને એક પછી એક સંભળાવાં, સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકી દેજો. હવે વાકય પહેલું સાંભળવા તૈયાર થાઓ. વાકય પહેલું સાંભળવા તૈયાર? સાંભળો.

<u>વા. ૧લું:–</u> આવો! નમસ્તે! ઓહો! કેમ છો? (લખો)

<u>વા. ૨જું:–</u> આજે તું, નિશાળે વહેલો, કેમ, ન આવ્યો ? (લખો)

<u>વા. ૩જું:–</u> નીચે પાન, ફેન્ટા અને, બરફ, વેચાય છે. (લખો)

વા. ૪થું:– મારો, મિત્ર ખૂબ, ભક્તિવાળા, લતામાં રહે છે (લખો)

હવે કસોટી ૨૭મી પૂરી થઈ.

હવે કસોટી ૨૮મી લઈએ.

## <u>કસોટી ૨૮મી.</u>

આ કસોટીમાં પણ તમારે વાકયો લખવાનાં છે. આ વાકયો સામાન્ય રીતે આપણે બોલીએ છીએ તેવાં વાકયો નથી. તમારે તમે

સાંભળેલું વાકય હોય તેવું ને તેવું લખી નાખવાનું છે. તેવું જ ન લખી શકો તો તેનો અર્થ આવી જાય તેવું વાકય લખવાનું છે. ઉદાહરણ તરીકે મહાવરા માટે એક વાકય લઈએ.

વાકય પહેલું:– "મકાનના છાપરા ઉપર નહીં કે નીચે, માણસો હતા". લખો.

તેવું ને તેવું વાકય ન લખીએ તો અને અર્થ આવી જાય તેવું વાકય લખીએ તો – "મકાનના છાપરા ઉપર માણસો હતા" તેમ લખવું જોઈએ. તેનો અર્થ ન બદલાવો જોઈએ. હવે બરોબર સમજાયું ને ?

હવે કસોટી સાચી શરૂ થાય છે.

હવે આવા ચાર વાકયો તમને એક પછી એક સંભળાવાશે. વાકય સાંભળવા તૈયાર રહો ? સાંભળો.

<u>વાકય ૧લું:–</u> પૂર્વની, સૂર્ય ઉગવાની દિશા લાલ છે.

<u>વાકય ૨જું:–</u> તેના પુસ્તકો અવ્યવસ્થિત, એટલે કે આડાઅવળાં હતાં.

<u>વાકય ૩જું:–</u> અહીં તો ઓછો ઘોંઘાટ, શાંત છે.

વાકય ૪થું:– તે ઝડપથી, ધીમે નહીં, વધારે ઝડપથી ભાગે છે.

હવે કસોટી ૨૮મી પૂરી થઈ. હવે કસોટી ૨૯મી લઈએ.

<u>કસોટી ૨૯મી.</u>

આ કસોટીમાં પણ તમારે એક એક વાકય લખવાનું છે. તે વાકયનો ક્રમ રચાયા પછી આડો અવળો કરી નાખ્યો છે. એ વાકયના આડાઅવળા શબ્દો તમને સંભળાવાશે. તમારે તેમાંથી

એક વ્યવસ્થિત વાક્ય બનાવીને લખવાનું છે. તમે અંગ્રેજીમાં થોડા શબ્દોમાંથી વાક્ય ગોઠવો છો તે રીતનું કામ અહીં કરવાનું છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે, આપણે મહાવરો કરીએ. તે માટે એક વાક્ય સાંભળો. સાંભળવા તૈયાર ? સાંભળો.

– " છે તરે પાણીમાં હંમેશાં માછલી " લખો.

આ વાક્યને સાચું વાક્ય, વ્યવસ્થિત વાક્ય બનાવીને લખીએ તો "માછલી હંમેશા પાણીમાં તરે છે." એમ લખાય. હવે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયુંને ? હવે વાક્ય પહેલું સાંભળો.

<u>વાક્ય ૧લું:–</u> ગરીબ છે લોકો હોય પ્રામાણિક.

<u>વાક્ય ૨જું:–</u> છે આકાશમાં હંમેશાં પશ્ચિમે આથમે સૂર્ય.

<u>વાક્ય ૩જું:–</u> થાય છે ચોમાસામાં જીવડાં ખૂબ.

<u>વાક્ય ૪થું:–</u> છે થાય જે પાસ ખૂબ વાંચે તે.

કસોટી ૨૯મી પૂરી થઇ.